(૭) અદેય

# ગુજરાતના આદિવાસીઓમાં રાજકીય જાગૃતિ


અહેવાલ લેખન

**વિમલ શાહ**
**રાસ બિહારી લાલ**

નિર્દેશન

વિમલ શાહ

ક્ષેત્રકાર્ય

રાસ બિહારી લાલ
અરવિંદ ભટ્ટ
છોટુભાઈ પટેલ
મનુભાઈ પટેલ
કનૈયાલાલ નાયક
રમેશ ત્રિવેદી

કોષ્ટકીકરણ

મુસ્તાઅલી મસવી
ગૌરીશંકર પંડ્યા
છોટુભાઈ પટેલ


18


**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

# ગુજરાતના આદિવાસીઓમાં રાજકીય જાગૃતિ


અહેવાલ લેખન

**વિમલ શાહ**
**રાસ બિહારી લાલ**

ક્ષેત્રકાર્ય

રાસ બિહારી લાલ
અરવિંદ ભટ્ટ
છોટુભાઈ પટેલ
મનુભાઈ પટેલ
કનૈયાલાલ નાયક
રમેશ ત્રિવેદી

કોષ્ટકીકરણ

મુસ્તાઅલી મસવી
ગૌરીશંકર પંડ્યા
છોટુભાઈ પટેલ

નિર્દેશન

વિમલ શાહ



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૩૮૦૦૧૪.

## આ વ કા ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર સલાહકાર સમિતિની, પાછલા અહેવાલોને આખરી સ્વરૂપ આપીને પ્રકાશિત કરવાની ભલામણ અનુસાર કેન્દ્રનો આ અહેવાલ સાયકલોસ્ટાઈલ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે છે. આદિવાસી વિકાસકાર્યોની સાથે સંકળાયેલા કાર્યકરો, વહીવટકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ, તેના અભ્યાસીઓ તથા જે તે સમાજમાંથી કોઈકને પણ પોતાની રીતે તેમાંથી કંઈક પણ ઉપયોગી સામગ્રી જો મળી રહેશે તો તેના પ્રકાશનનો હેતુ બર આવ્યો લેખાશે. આ સંશોધન યોજનામાં ભાગ લેનાર સર્વ સંશોધકોને અભિનંદન આપું છું.

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

**ધીરુભાઈ મણિભાઈ દેસાઈ**
કુલનાયક

# પ્રાસ્તાવિક

ગુજરાતના આદિવાસી વિસ્તારમાં રાજકીય જાગૃતિનો આ અભ્યાસ ચોથી સામાન્ય ચૂંટણીઓ ટાણે હાથ ધરવામાં આવ્યો હતો. ત્રીજી સામાન્ય ચૂંટણીઓમાં અનુક્રમે સૌથી વધારે અને સૌથી ઓછું મતદાન ધરાવનારા મતદાન વિસ્તારો વલસાડ જિલ્લાના પારડી અને ભરૂચ જિલ્લાના ઝઘડિયા વિસ્તારમાંથી આ અભ્યાસ માટે છ મતદાન મથકો પસંદ કરવામાં આવ્યાં હતાં. આ મતદાન મથકોના ૧૦ ટકા મતદાતાઓની મુલાકાત લેવામાં આવી હતી.

પ્રસંગવશાત સૌથી વધુ મતદાન કરનાર આદિવાસી મતાવભાગ, પારડીના ઘાસિયા ચળવળના સુપ્રસિદ્ધ આગેવાન શ્રી ઉત્તમભાઇ પટેલનો મતાવસ્તાર હતો. એમની વ્યક્તિગત પ્રસિદ્ધિને લીધે અગાઉની બધી ચૂંટણીઓમાં આ મતદાર વિસ્તારમાંથી તેઓ જીતેલા અને ગુજરાતના વિધાનસભામાં પણ સૌથી વધુ મત મેળવવાનો વિક્રમ તેમણે સર્જેલો. આ તપાસનાં તારણોમાં પણ આ હકિકત પ્રતિબિંબિત થાય છે.

આ સંશોધન યોજનામાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવા માટે, તેમજ આ સંશોધન અહેવાલનો મુસદ્દો જોઇ ઉપયોગી સૂચનો કરવા બદલ, કેન્દ્ર, રાજ્યશાસ્ત્રના અભ્યાસી અને ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યા ભવનના નિયામક પ્રો. દેવવ્રત પાઠકનું આભારી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન પૂરતો સહકાર આપવા બદલ, સર્વ માહિતીદર્શકોનો આભાર માનવાની પણ કેન્દ્ર આ તક લે છે.

સિદ્ધરાજ સોલંકી

કાર્યકારી નિયામક

## ૧. તપાસનો હેતુ :

અન્ય પ્રજાને મુકાબલે આદિવાસીઓમાં રાજકીય જાગૃતિ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. એવી એક સામાન્ય માન્યતા છે. કુદરતી સંજોગોને કારણે અન્ય પ્રજા સાથેના પૂરતા સંપર્કના અભાવે તેમજ શિક્ષણના ઓછા પ્રમાણને લીધે રાજકીય વિચારોનો પ્રચાર-પ્રસાર આદિવાસી વિસ્તારોમાં પ્રમાણમાં ધીમો હોય છે. લોકશાહી પધ્ધતિમાં મતદારની જાગૃતિ બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. મત આપતી વખતે તે ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારો તથા જે પક્ષ તરફથી તે ઊભા રહેલા હોય તે પક્ષો વિષે પૂરતુ જ્ઞાન ધરાવે છે કે નહિ, તથા સમજપૂર્વક મતદાન કરે છે કે નહિ તે હકીકત ઘણી મહત્વની બને છે. આદિવાસી વિસ્તારોમાં ઉપર જણાવ્યું તેમ રાજકીય વિચારોનો પ્રચાર-પ્રસાર ઓછો હોવાના કારણે એટલા પ્રમાણમાં લોકોની જાગૃતિ પર પણ તેની અસર થાય છે. તેને પરિણામે ત્યાં થતા મતદાન પર પણ તેની અસર થાય, એટલે અંશે એ વિસ્તારો પૂરતુ લોકશાહીનો અમલ અધુરો ગણાય.

આઝાદી મળ્યા પછીના ૨૦ વર્ષો દરમ્યાન ગુજરાતના આદિવાસી વિસ્તારોનો બાકીની પ્રજા સાથેનો સંપર્ક વધારવાના, વાહનવ્યવહારનાં સાધનો વધારવાના, શિક્ષણનું પ્રમાણ વધારવાના વગેરે વિવિધ પ્રયત્નો જુદી જુદી યોજનાઓ મારફતે થઇ રહેલા છે. આ પ્રયત્નોને પરિણામે તેમની રાજકીય જાગૃતિમાં શું ફરક પડયો છે તે જાણવું રસપ્રદ થઇ પડશે એમ માનીને આ તપાસ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આદિવાસી પ્રજા બિનઆદિવાસી પ્રજા સાથે ભળી જાય, તથા જીવનના હરેક ક્ષેત્રમાં તેમની સાથે કદમ મિલાવી પોતાના તથા રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભાગ લે તો જ ભારતની એકતા દૃઢ કરવાનું કાર્ય પરિપૂર્ણ થઇ શકે. આ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં તેમની રાજકીય જાગૃતિ ઘણો મહત્વનો ભાગ ભજવી શકે એ દૃષ્ટિએ જોતાં તેમની રાજકીય જાગૃતિ એકંદરે વિકાસ કાર્યોને પરિણામે વધી છે કે નહિ તે અવારનવાર જોતા તપાસતા રહી એ દૃષ્ટિએ જે ઉણપો જણાતી હોય તે ઉણપો તરફ સૌનું ધ્યાન ખેંચવાનું કાર્ય કંઇક અંશે આવી તપાસો દ્વારા થઇ શકે. આ તપાસ પાછળનો મુખ્ય હેતુ એ જ છે.

રાજકીય જાગૃતિનું સૌથી ઊંચું સ્તર સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન આપણને જોવા મળે છે. રાજયની ધારાસભાઓ તથા પાર્લામેન્ટની ચૂંટણીઓ દ્વારા પછીના પાંચ વર્ષ માટે કોણ સત્તા ભોગવશે એનો નિર્ણય આ ચૂંટણીમાં લેવાનો હોઇ આ પ્રસંગે રાજકીય જાગૃતિની દૃષ્ટિએ સમગ્ર દેશમાં વાતાવરણ એકદમ ટોંચ પહોંચી જતું હોય છે, અને દેશનો કોઇ ખૂણો તેનાથી અલિપ્ત રહી જતો નહીં હોય એવી પરિસ્થિતિ જોવા મળે છે. આદિવાસી વિસ્તારોમાં પણ સામાન્ય ચૂંટણી સમયે દોડધામ ઘણી વધી જતી હોય છે. તેથી ચૂંટણી સમયે એ વિસ્તારોની રાજકીય જાગૃતિનું માપ લીધું હોય તો તેની સૌથી ઊંચી કક્ષા કેટલી છે તે આપણે સારી રીતે જાણી શકીએ. તેથી ચોથી ચૂંટણી વખતે જ આ તપાસ હાથ ધરવાનું વિચાર્યું હતું, અને તપાસમાં પણ મોટે ભાગે ચૂંટણી અંગેના મુદ્દાઓનો જ સમાવેશ કર્યો હતો. કે જથી લોકોની સ્મરણશકિત પર વધારે પડતો બોજો નાખ્યા વિના તે સમયે જ જેની ચર્ચા ચારે તરફ થઇ રહી હોય તે

વિષે તેમની જાણકારી કેટલી છે તે આપણે જાણી શકીએ. તેથી તપાસમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓને ખ્યાલમાં રાખીને માહિતી મેળવવામાં આવી હતી.

૧. ચૂંટણીનો હેતુ અને ચૂંટણી અંગેની સાદી જાણકારી
૨. ચૂંટણી લડનાર ઉમેદવારો અને પક્ષો વિષેની જાણકારી
૩. ચૂંટણી દરમ્યાન ઉમેદવારો અને મતદારો વચ્ચે થતા સંપર્ક વિષેની જાણકારી
૪. દેશના તાજેતરના બનાવો અંગેની જાણકારી

ચૂંટણી સમયે થોડા દિવસ અગાઉ વિસ્તારનું વાતાવરણ કેવું હોય છે તેનું નિરીક્ષણ કરીને તથા ચૂંટણી પછી તરત જ મતદારોનો વ્યક્તિગત સંપર્કસાધી ચૂંટણી વિષેની તેમની જાણકારી કેટલી છે તે જાણવાનો પ્રયત્ન આ તપાસ દરમ્યાન કરવામાં આવ્યો હતો. તેથી ચૂંટણીમાં સક્રિય ભાગ કેટલાયે ખરેખર લીધો હતો તેની સાચી માહિતી મેળવી શકાઈ છે.

૨. તપાસની પધ્ધતિ અને વિસ્તાર પસંદગી :
--------------------------------

ઉપર જણાવ્યુ તેમ ચૂંટણી સમયે નિરીક્ષણ કરીને તથા ચૂંટણી પછી તરત જ પસંદ કરેલ મતદારોનો વ્યક્તિગત સંપર્ક સાધીને તૈયાર કરવામાં આવેલી પ્રશ્નોત્તરીમાં આપેલા પ્રશ્નો પૂછીને સઘળી માહિતી મેળવવામાં આવી છે.

તપાસ માટે વિસ્તાર પસંદગી અંગે એવું ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું કે ૧૯૬૨ની ચૂંટણી સમયે જે આદિવાસી વિસ્તારમાં સૌથી વધુ મતદાન થયું હોય અને જેમાં સૌથી ઓછું મતદાન થયું હોય એવા બે વિસ્તારો પસંદ કરવા, અને આ બે વિસ્તારોની પરિસ્થિતિ પરથી રાજકીય જાગૃતિમાં થયેલ ફરકને તપાસવો. પહેલાંની રાજકીય જાગૃતિના માપ માટે ચૂંટણી સમયનું મતદાન એ સંપૂર્ણ સાધન ન ગણી શકાય. પણ કોઈ વધુ સારા સાધનને અભાવે આ અધુરા ગણાતા સાધનને એક માપ ગણીને વિસ્તારોની પસંદગી કરવામાં આવી હતી. તે મુજબ સૌથી ઓછા મતદાનના વિસ્તાર તરીકે સંતરામપુર તાલુકાનો મતવિસ્તાર આવતો હતો, પરંતુ આ મતવિસ્તારનું ચાલુ ચૂંટણી દરમ્યાન વિભાજન કરી નાખવામાં આવ્યું હોઈ ત્યાર પછીના ઓછા મતદાનનો વિસ્તાર ઝઘડીઆ તાલુકાના ધારાસભાના ઉમેદવારની ચૂંટણીનો વિસ્તાર હતો. આ વિસ્તારમાં ગઈ ચૂંટણી વખતે માત્ર ૪૪ % મતદાન થયું હતું. એ જ રીતે સૌથી વધુ મતદાન કરનાર આદિવાસી વિસ્તાર તરીકે પારડીનો મતવિસ્તાર હતો, જયાં ગઈ ચૂંટણી દરમ્યાન ૭૧% ઉપરાંત મતદાન થયું હતું. તેથી તપાસ માટે ઝઘડીઆ તથા પારડી મતવિસ્તારને પસંદ કરવામાં આવ્યા હતા.

આ બંને વિસ્તારોમાંથી મુખ્ય મથકથી તદ્દન નજીક, થોડે દૂર તથા સૌથી દૂર એવાં ત્રણ ચૂંટણી મથકો પસંદ કરવામાં આવ્યાં હતાં. અને આ ત્રણ ચૂંટણી મથકના મતદારોની યાદીમાંથી સાદી રેન્ડમ સેમ્પલ પધ્ધતિએ ૧૦% મતદારો તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા. અંતર પ્રમાણે ત્રણ ચૂંટણી મથકો પસંદ કરવા પાછળનો હેતુ એ રહેલો હતો કે મુખ્ય મથકથી દૂર હોવાને કારણે જાગૃતિમાં કંઈ ફરક પડે છે કે કેમ તે જોઈ શકાય. પારડીમાં



ત્રણ ચૂંટણી મથકોમાં ૩,૦૦૦ મતદારો હતા, તેથી ૩૦૦ મતદારોને તપાસ માટે રેન્ડમ સેમ્પલ પધ્ધતિએ પસંદ કર્યાં હતા. ઝઘડીઆમાં ત્રણ ચૂંટણી મથકોમાં ૨,૧૨૫ મતદારો હોઈ ૨૧૨ મતદારો પસંદ કરવામાં આવ્યા હતા. આ રીતે પસંદ થયેલ મતદારોમાંથી પારડીમાં ૩૮ તથા ઝઘડીઆમાં ૩૫ મતદારો કામકાજને કારણ ગામ બહાર ચાલી ગયા હોઈ તેમનો સંપર્ક સાધી શકાયો નહોતો. એટલે પારડીમાં ૨૬૨ મતદારો તથા ઝઘડીઆમાં ૧૭૭ મતદારો મળી કુલ ૪૩૯ મતદારોનો સંપર્ક આ તપાસ દરમ્યાન કરવામાં આવ્યો હતો. પસંદ કરવામાં આવેલ ચૂંટણી મથકોની તથા સંપર્ક થયેલા મતદારોની વિગતો નીચે મુજબ છે.

ટેબલ નં. ૧

તપાસ માટે પસંદ કરવામાં આવેલ ગામોનાં નામ તથા તપાસ માટે પસંદ કરવામાં આવેલ મતદારોની સંખ્યા

પારડી

| ચૂંટણીમથકનું નામ | મુખ્ય મથકથી અંતર | ચૂંટણી મથકમાં આવતાં ગામોનાં નામ | સંપર્ક થયેલા મતદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. સુખલાવ | ૧૧ માઈલ | ૧. સુખલાવ | ૯૧ |
| | | ૨. કુંભારીઆ | |
| ૨. ડુમલાવ | ૬ માઈલ | ૧. ડુમલાવ | ૧૦૦ |
| ૩. અરનાલા | ૧૦ માઈલ | ૧. અરનાલા | ૭૧ |
| | | ૨. પટી | |
| | | | ૨૬૨ |

ઝઘડીઆ

| ચૂંટણીમથકનું નામ | મુખ્ય મથકથી અંતર | ચૂંટણીમથકમાં આવતાં ગામોનાં નામ | સંપર્ક થયેલ મતદારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. રતનપુર | ૧૧ માઈલ | ૧. રતનપુર | ૬૩ |
| | | ૨. કરાડ | |
| | | ૩. સીમધરા | |
| | | ૪. કુંવરપરા | |
| | | ૫. ભુરી | |
| ૨. અનાધરા | ૫ માઈલ | ૧. અનાધરા | ૬૧ |
| | | ૨. કોટીઆમાઉ | |
| | | ૩. નવાપરા | |
| | | ૪. ઝાઝપુર | |
| | | ૫. રામપુર | |
| | | ૬. ગોરટીઆ | |
| ૩. ખરેંઠા | ૯ માઈલ | ૧. ખરેંઠા | ૫૩ |
| | | ૨. યાલ | |
| | | ૩. વાંદરવેલી | |
| | | ૪. ફીચવાડા | |
| | | ૫. મોવી | ૧૭૭ |

## ૩. વિસ્તાર પરિચય તેમજ મતદાર પરિચય :

પારડી તેમજ ઝઘડીઆ બંને વિસ્તારોમાં મોટે ભાગે આદિવાસી વસ્તી છે. ૧૯૬૧ની વસ્તી ગણતી મુજબ પારડીમાં ૫૭.૪૦% વસ્તી આદિવાસી છે, જ્યારે ઝઘડીઆમાં ૬૦.૩૪% વસ્તી આદિવાસી છે. પારડીની આદિવાસી વસ્તીમાં મુખ્ય વસ્તી ધોડીઆ જાતિની છે. બીજી જાતિઓમાં દુબળા તથા નાયકા છે. ઝઘડીઆમાં મુખ્ય વસ્તી વસાવા ભીલ જાતિની છે. ધોડીઆ જાતિ શિક્ષણની દ્રષ્ટિએ બધી આદિવાસી જાતિઓમાં સૌથી આગળ છે. ગુજરાતની બધી આદિવાસી જાતિઓનું એકંદર અક્ષરજ્ઞાન પ્રમાણ ૧૯૬૧ની વસ્તી ગણતી મુજબ ૧૧.૭૯% છે, જ્યારે ધોડીઆ જાતિનું અક્ષરજ્ઞાન પ્રમાણ ૨૩.૯% છે, દુબળાનું અક્ષરજ્ઞાન પ્રમાણ ૧૧.૬૧% નાયકાનું અક્ષરજ્ઞાન પ્રમાણ ૧૦.૭૯% અને ભીલનું અક્ષરજ્ઞાન પ્રમાણ ૯.૮૮ % છે. આમ આ ચાર જાતિઓમાં ધોડીઆ શિક્ષણની દ્રષ્ટિએ સૌથી આગળ છે.

પારડી તાલુકાનું મુખ્ય મથક પારડી વલસાડ જિલ્લાના મુખ્ય મથક વલસાડથી ૧૨ કિલોમીટરના અંતરે અમદાવાદ મુંબઈ મેઈન લાઈન પર આવેલું છે. અમદાવાદ મુબઈ નેશનલ હાઈવે પણ પારડી પર થઈને જાય છે. પારડીની નજીકમાં અતુલનું રંગનું તથા દવાનું મોટું કારખાનું આવેલું છે. બીજી એક કાગળની મીલ પણ નજીકમાં આવેલી છે. આમ તાલુકામાં ઔદ્યોગિક વાતાવરણ સારા પ્રમાણમાં વિકસેલું છે. તાલુકામાં ફળઝાડની વાડીઓનું પ્રમાણ સારા પ્રમાણમાં છે, અને અહીંથી કેરી, ચીકુ વગેરે મોટા પ્રમાણમાં બહાર નિકાસ થાય છે.

ઝઘડીઆ ભરૂચ જિલ્લાના મુખ્ય મથક ભરૂચથી ૪૦ કીલોમીટર અંતરે આવેલું છે, અને અંકલેશ્વરથી રાજપીપળા જતી નેરોગેજ લાઈન પર આવેલું છે. આ તાલુકામાં કપાસનો મુખ્ય પાક હોઈ કપાસની જીનીંગ પ્રેસીંગ ફેકટરીઓ મોટા પ્રમાણમાં છે. તે સિવાય બીજા કોઈ ઉધોગો નથી. સિંચાઈને અભાવે કપાસ સિવાય બીજા કોઈ વેપારી પાકો પણ નથી. તાલુકાનું મુખ્ય મથક ઝઘડીઆ શહેરી વિસ્તાર માટે જરૂરી ગણાતી વસ્તી સંખ્યાને અભાવે હજુ ગ્રામ વિસ્તાર તરીકે ઓળખાય છે.

પારડી મતવિસ્તારમાં કુલ ૭૫ મતદાન મથકો હતાં, અને કુલ મતદારોની સંખ્યા ૬૯,૬૨૦ની હતી. એટલે મતદાન મથકદીઠ ૯૨૨ મતદારોની સંખ્યા થતી હતી. તપાસ માટે પસંદ કરેલ ત્રણ મતદાન મથકો નીચે પાંચ ગામના મતદારો આવતા હતા. કોઈપણ ગામ મતદાન મથકથી બે માઈલથી વધુ દૂર ન હતું, તથા મતદાન મથક સાથે કાચા યા પાકા રસ્તા સાથે જોડાયેલું હતું. પાંચ ગામોમાંથી ચાર ગામોમાં મુખ્ય વસ્તી ધોડીઆ આદિવાસીઓની હતી. બાકીના ગામમાં મુખ્ય વસ્તી કોળી પટેલની હતી. જ્યારે ધોડીઆ વસ્તીની દ્રષ્ટિએ બીજે નંબરે હતા. આ સિવાય આ ગામોની બીજી વસ્તીમાં નાયક આદિવાસીઓ તથા મુસ્લીમો અને વણકરો હતા. આ ગામોમાંથી તપાસ માટે પસંદ થયેલ મતદારોનું જાતિવાર વર્ગીકરણ નીચે મુજબ છે.



### ટેબલ નં. ૨

આદિવાસી બિનઆદિવાસી પ્રમાણે પારડીના તપાસ નીચેના મતદારોની વહેંચણી

| મતદાન મથક | પસંદ થયેલ મતદારો | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | આદિવાસી | | બિનઆદિવાસી | | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| ૧. સુંખલાવ | ૫૯ | ૬૪.૮ | ૩૨ | ૩૫.૨ | ૯૧ |
| ૨. ડુમલાવ | ૯૧ | ૯૧.૦ | ૯ | ૯.૦ | ૧૦૦ |
| ૩. અરનાલા | ૬૬ | ૯૨.૯ | ૫ | ૭.૧ | ૭૧ |
| ૪. કુલ | ૨૧૬ | ૮૨.૫ | ૪૬ | ૧૭.૫ | ૨૬૨ |

આમ પારડી મત વિસ્તારમાં તપાસ માટે પસંદ થયેલ મતદારોમાંથી ૮૨.૫ % મતદારો આદિવાસી હતા, જ્યારે ૧૭.૫ % મતદારો બિનઆદિવાસી હતા.

ઝઘડીઆ મત વિસ્તારમાં ૬૫ મતદાન મથકો હતાં. તથા મતદારોની સંખ્યા ૬૪,૧૪૬ની હતી. મતદાન મથકદીઠ મતદારોની સંખ્યા ૯૮૬ થતી હતી. તપાસ માટે પસંદ થયેલ ત્રણ મતદાન મથકો નીચે ૧૮ ગામો આવતાં હતાં. આ તાલુકાનાં ગામોની સરેરાશ વસ્તી પારડી તાલુકાનાં ગામો કરતાં ઘણી ઓછી હોઈ દરેક મતદાન મથક નીચે આવતા ગામોની સંખ્યા વધારે હતી. આ મતદાન મથક નીચે આવતા ગામો મતદાન મથકથી ૨, ૩, ૪ કે કયારેક ૫ માઈલના અંતરે આવેલ હતાં તથા કેટલાંક ગામો જંગલ વિસ્તારમાં હોઈ મતદાન મથકે તેમને આવવા માટે પગદંડી સિવાય કોઈ રસ્તો નહોતો.

તપાસ માટે પસંદ થયેલ અઢાર ગામોમાંથી સત્તર ગામોમાં આદિવાસીઓની વસ્તી મોટા પ્રમાણમાં હતી. માત્ર એક જ ગામમાં બિનઆદિવાસીઓની વસ્તી વધારે હતી. આ ગામોમાંથી પસંદ થયેલ મતદારોનું જાતિવાર વર્ગીકરણ નીચે મુજબ છે.

### ટેબલ નં. ૩

આદિવાસી બિનઆદિવાસી પ્રમાણે ઝઘડીઆના મતદારોની વહેંચણી

| મતદાન મથક | પસંદ થયેલ મતદારો | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | આદિવાસી | | બિનઆદિવાસી | | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| ૧. રતનપુર | ૪૮ | ૭૬.૨ | ૧૫ | ૨૩.૮ | ૬૩ |
| ૨. અનાધરા | ૫૬ | ૯૧.૮ | ૫ | ૮.૨ | ૬૧ |
| ૩. ખરેંઠા | ૫૩ | ૧૦૦.૦ | - | ૦.૦ | ૫૩ |
| ૪. કુલ | ૧૫૭ | ૮૮.૭ | ૨૦ | ૧૧.૩ | ૧૭૭ |

આમ ઝઘડીઆ મત વિસ્તારમાંથી તપાસ માટે પસંદ થયેલ મતદારોમાંથી ૮૮.૭ % મતદારો આદિવાસી હતા. જ્યારે માત્ર ૧૧.૩ % મતદારો બિનઆદિવાસી હતા. પસંદ થયેલ મતદારોમાં સ્ત્રી પુરુષનું પ્રમાણ એકંદર બરાબર જળવાયું છે, જો કે પારડી તાલુકામાં સ્ત્રી મતદારોની સંખ્યા પુરુષ મતદારો કરતાં થોડી વધારે છે.

ટેબલ નં, ૪

મતદારોની જાતિ પ્રમાણે વહેંચણી

| મતવિસ્તાર | તપાસ માટે પસંદ થયેલ | | | | કુલ મતદારોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | પુરુષ મતદારો | | સ્ત્રી મતદારો | | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| ૧. પારડી | ૧૨૮ | ૪૭.૩ | ૧૩૪ | ૫૨.૭ | ૨૬૨ |
| ૨. ઝઘડીઆ | ૯૮ | ૫૫.૪ | ૭૯ | ૪૪.૬ | ૧૭૭ |
| કુલ | ૨૨૬ | ૫૧.૫ | ૨૧૩ | ૪૯.૫ | ૪૩૯ |

તપાસ માટે પસંદ થયેલ મતદારોની શિક્ષણ વિષયક પરિસ્થિતિ નીચે મુજબ છે.

ટેબલ નં. ૫.

મતદારોનું શિક્ષણ પ્રમાણ

| તાલુકો | આદિવાસી | | | | બિનઆદિવાસી | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શિક્ષિત | | અશિક્ષિત | | શિક્ષિત | | અશિક્ષિત | | શિક્ષિત | | અશિક્ષિત | |
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| પારડી | ૪૯ | ૨૨.૭ | ૧૬૭ | ૭૭.૩ | ૧૭ | ૩૬.૯ | ૨૯ | ૬૩.૧ | ૬૬ | ૨૫.૨ | ૧૯૬ | [illegible] |
| ઝઘડીઆ | ૨૧ | ૧૩.૩ | ૧૩૬ | ૮૬.૭ | ૯ | ૪૫.૦ | ૧૧ | ૫૫.૦ | ૩૦ | ૧૬.૯૫ | ૧૪૭ | [illegible] |
| કુલ | ૭૦ | ૧૮.૭ | ૩૦૩ | ૮૧.૩ | ૨૬ | ૩૯.૪ | ૪૦ | ૬૦.૬ | ૯૬ | ૨૧.૯ | ૩૪૩ | ૭૮.૧ |

ઉપરના આંકડા તપાસતાં જણાય છે કે ૧. એકંદરે પારડી કરતાં ઝઘડીઆમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ૨. બંને તાલુકાઓમાં બિનઆદિવાસી કરતાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. ૩. બિનઆદિવાસીઓમાં ઝઘડીઆ કરતાં પારડીમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ૪. આદિવાસીઓમાં પારડી કરતાં ઝઘડીઆમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.



પસંદ થયેલ મતદારોનું ઉંમર પ્રમાણ તપાસતાં નીચેની હકીકતો જાણવા મળે છે.

ટેબલ નં. ૬

મતદારોની ઉંમર પ્રમાણે વહેંચણી

| -- ઉંમર જાૂથ | ૨૧-૩૦ | | ૩૧-૪૦ | | ૪૧-૫૦ | | ૫૧-૬૦ | | ૬૦ ઉપર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | |
| પારડી | ૯૭ | ૩૭.૦ | ૭૬ | ૨૯.૦ | ૪૮ | ૧૮.૩ | ૨૮ | ૧૦.૭ | ૧૩ | ૫.૦ | ૨૬૨ |
| ઝઘડીઆ | ૭૫ | ૪૨.૪ | ૫૦ | ૨૮.૨ | ૨૯ | ૧૬.૩ | ૧૮ | ૧૦.૧ | ૫ | ૩.૦ | ૧૭૭ |
| કુલ | ૧૭૨ | ૪૦.૦ | ૧૨૬ | ૨૮.૭ | ૭૭ | ૧૭.૫ | ૪૬ | ૧૦.૫ | ૧૮ | ૩.૩ | ૪૩૯ |

આ આંકડા જોતાં જણાય છે કે મતદારોનો સૌથી મોટો વર્ગ (૪૦ %)૨૧-૩૦ના ઉંમર જાૂથનો છે. જ્યારે ૩૧-૪૦ ના ઉંમર જાૂથને સાથે લેતાં તે લગભગ ૬૮ % ઉપર જાય છે. ચૂંટણીની દ્રષ્ટિએ તેથી આ ઉંમર જાૂથ મહત્વના બની જાય છે. બંને તાલુકાઓમાં અને આદિવાસી બિનઆદિવાસીઓમાં આ જ વલણ જોવા મળે છે.

પસંદ થયેલ પુરુષ મતદારોનું વ્યવસાયી વર્ગીકરણ નીચે પ્રમાણે જણાયું છે.

ટેબલ નં. ૭

મતદારોની વ્યવસાય પ્રમાણે વહેંચણી

| | ખેતી | | ખેત મજૂરી | | નોકરી-ા- વેપાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| પારડી | ૮૮ | ૬૮.૮ | ૨૫ | ૧૯.૫ | ૧૫ | ૧૧.૭ | ૧૨૮ | ૧૦૦.૦૦ |
| ઝઘડીઆ | ૬૮ | ૬૯.૪ | ૨૧ | ૨૧.૪ | ૯ | ૯.૨ | ૯૮ | ૧૦૦.૦૦ |
| કુલ | ૧૫૬ | ૬૯.૦ | ૪૬ | ૨૦.૩ | ૨૪ | ૧૦.૭ | ૨૨૬ | ૧૦૦.૦૦ |

આ આંકડાઓ જોતાં જણાય છે કે મોટા ભાગના (૯૦ %) લોકોનો વ્યવસાય ખેતી તથા ખેતમજૂરી હતો. ૧૦ % લોકો જ બીજા વ્યવસાયમાં રોકાયેલા હતા.

પસંદ થયેલ મતદારોની રાજકીય જાગૃતિના એક માપ તરીકે તેઓ કોઇ રાજકીય પક્ષના સભ્ય થયા છે કે નહિ તે માહિતી બધા મતદારોને પૂછવામાં આવી હતી. આ માહિતી તપાસતાં જણાયું હતું કે ઝઘડીઆ તાલુકામાં પસંદ થયેલ મતદારોમાંથી માત્ર બે જ ભાઇઓ રાજકીય પક્ષના સભ્ય થયા હતા, જયારે પારડી તાલુકામાં ૧૭ ભાઇઓ રાજકીય પક્ષના સભ્ય થયા હોય એમ જણાયું હતું. પરંતુ ૧૭ માંથી ૧૬ ભાઇઓ તો એકલા ડુમલાવ ગામના જ હતા. ડુમલાવ ગામ આ વિસ્તારના જાણીતા આદિવાસી કાર્યકરનું ગામ છે. આ કાર્યકર પારડી સત્યાગ્રહમાં આગળ પડતો ભાગ લીધો હોઇ તે આ વિસ્તારમાં ઘણા લોકપ્રિય છે, તથા અગાઉની ચૂંટણીમાં તેઓ ધારાસભ્ય તરીકે પ્રજા-સમાજવાદી પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા, અને આ વખતે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે પણ તેઓ ભારે બહુમતીથી ચૂંટાયા હતા. તેમને કારણે જ આ ગામના મોટાભાગના ભાઇઓ કોંગ્રેસ સભ્ય બન્યા છે. તે સઘળા આદિવાસી છે. ઝઘડીઆમાં જ બે ભાઇઓ રાજકીય પક્ષના સભ્ય છે તે બંને કોંગ્રેસ પક્ષના સભ્ય છે. બેમાંથી એક આદિવાસી તેમજ એક બિનઆદિવાસી છે.

## ૪. ચૂંટણી સમયનું વાતાવરણ :

બંને વિસ્તારોમાં વ્યકિતગત મતદારોનો સંપર્ક સાધવાનો, પક્ષવાર સ્થિતિ સમજાવવાનો કે ઉમેદવારોના ગુણદોષ બતાવવાનો પ્રયત્ન બહુ ઓછો થયો હોય એમ જણાયું હતું. સરપંચ તેમજ ગામના અન્ય આગેવાનોને કાબૂમાં રાખવા દરેક પક્ષ તરફથી વિશેષ પ્રયત્ન થતો હતો, અને તે માટે આર્થિક પ્રલોભનો પણ અપાયાનું જાણવા મળ્યું હતું.

પારડી વિસ્તારમાં આગળ જોયું તેમ પારડી સત્યાગ્રહને કારણે ખ્યાતિ મેળવેલ આદિવાસી કાર્યકર શ્રી ઉત્તમભાઇ પટેલનો કાબુ આખા વિસ્તાર પર ઘણા મોટા પ્રમાણમાં જણાતો હતો. શ્રી ઉત્તમભાઇ પ્રજા-સમાજવાદી પક્ષ તરફથી ગઇ ચૂંટણી વખતે ઊભા રહયા હતા ત્યારે પણ તેમને ઘણો મોટો ટકો મળ્યો હતો. આ વખતે તે કોંગ્રેસ તરફથી ઊભા રહયા હતા, છતાં તેમની અંગત લોકપ્રિયતાના કારણે તે ઘણી મોટી બહુમતીથી ચૂંટાઇ આવશે એવું પહેલેથી જ જણાતું હતું. તેથી તેમની સામે ઊભેલા ઉમેદવારોના ચૂંટણી પ્રચારમાં બહુ જોશ દેખાતો નહોતો. એટલે સુધી કે તેમના કોઇ વિરોધી ઉમેદવારની પોલીંગ ઓફિસ પણ ચૂંટણીના દિવસે પસંદ કરેલ મતદાન મથકોએ જણાતી નહોતી. આ વાતાવરણની અસર ચૂંટણી અધિકારીઓ પર પણ એટલી બધી થઇ હતી કે, તેઓ ઉત્તમભાઇના પોલીંગ એજન્ટોને મતદાન મથકમાં છૂટથી ફરવા દેતા હતા. ઉત્તમભાઇની લોકપ્રિયતાને લીધે ચૂંટણીના દિવસે વહેલી સવારથી જ લોકોનાં ટોળે ટોળાં મતદાન મથકો પર પહોંચી જતાં જણાયાં હતાં, અને આખો દિવસ એ વાતાવરણ દેખાયું હતું. એક વૃધ્ધ માજી લકવાને લીધે અશકત થઇ ગયાં હોવા છતાં ખાટલામાં બેસી મત આપવા એટલા માટે આવ્યાં હતાં કે ફરી ચૂંટણી થાય તે



વખતે તે કદાચ જીવતા ન પણ હોય, તેથી તેમના 'ઉત્તમ' માટે છેલ્લી વખત જ કંઇ થાય તે કરતા જવું. ચૂંટણીમાં કયા કયા ઉમેદવારો ઊભા છે, તે કયા કયા પક્ષના છે, મતદાન કરતી વખતે કયાં ચોકડી કરવાની છે તે બધા વિષે મતદારોમાં પૂરી સમજ હોય એવું જણાતું નહોતું. તેમના મનમાં એટલી સમજ સ્પષ્ટ હતી કે તેમણે ઉત્તમભાઇને પોતાનો મત આપવાનો છે, પછી તે ગમે તે પક્ષ તરફથી ઊભા રહયા હોય. મતદાન કેવી રીતે કરવું તે વિષે ચૂંટણી અધિકારીઓ મતદારોને સમજાવતા હતા, છતાં ચૂંટણીની ધમાલમાં એ સમજ પૂરતી ન થવાથી કેટલાક લોકો ટેબલ પર સિકકો મારી મતપત્રક જેમનું તેમ વાળી પેટીમાં નાખતા જણાયા હતા. આને લીધે કુલ મતદાનના ૧૫ ટકા જેટલા મત નકામા ઠર્યા હતા.

પારડી સત્યાગ્રહને કારણે આવેલી જાગૃતિને પરિણામે તથા ઉત્તમભાઇની લોકપ્રિયતાને કારણે આ મતવિસ્તારમાં ત્રણ મથકોએ સારું મતદાન થયું હતું. તેમાંય ઉત્તમભાઇના પોતાના વતન ડુમલાવ મથક થયેલ મતદાન સૌથી વધુ હતું.

ત્રણ મતદાન મથકોએ થયેલ મતદાન નીચે મુજબ હતું.

ટેબલ નં. ૮

પારડીમાં થયેલ મતદાન

| | કુલ મતદાર | થયેલ મતદાન | | | કુલ મતના ટકા |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧. સુખલાવ | ૧૦૭૦ | ૩૪૬ | ૩૩૨ | ૬૭૮ | ૬૩.૦ |
| ૨. ડુમલાવ | ૧૦૯૦ | ૪૮૬ | ૪૪૩ | ૯૨૯ | ૮૫.૫ |
| ૩. અરનાલા | ૮૪૦ | ૩૪૩ | ૩૩૧ | ૬૭૪ | ૮૦.૦ |
| ૪. કુલ | ૩૦૦૦ | ૧૧૭૫ | ૧૧૦૬ | ૨૨૮૧ | ૭૬.૦ |

ઉપરના આંકડા જોતાં જણાય છે કે ત્રણે મતદાન મથકોએ પુરુષ તથા સ્ત્રીઓ બંનેએ લગભગ સરખા પ્રમાણમાં મતદાન કર્યું છે, તથા ડુમલાવ તથા અરનાલા જે મુખ્ય મથક પારડીથી દૂર આવેલાં છે તેમનું મતદાન પારડીની તદન નજીક આવેલા સુખલાવ કરતાં વિશેષ છે. ડુમલાવ ઉત્તમભાઇનું પોતાનું વતન હોઇ ત્યાં સૌથી વિશેષ મતદાન થાય એ સ્વાભાવિક છે.

આખાએ મત વિસ્તારનું ધારાસભાની બેઠક માટેનું મતદાન તથા ચૂંટણીનું પરિણામ નીચે મુજબ છે.

ટબલ નં.૯

પારડીનું ધારાસભાની બેઠકનું ચૂંટણી પરિણામ

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ | મેળવેલ મત | કુલ ખરા મતના ટકા |
|---|---|---|---|---|
| ૧. | ઉત્તમભાઇ હ. પટેલ | કોંગ્રેસ | ૩૫,૩૩૬ | ૮૬.૬ |
| ૨. | ગોવનભાઇ પટેલ | સ્વતંત્ર પક્ષ | ૪,૭૯૧ | ૧૧.૭ |
| ૩. | સધાભાઇ પટેલ | સ્વતંત્ર ઉમેદવાર | ૬૭૯ | ૧.૭ |
| | | | ૪૦,૮૦૬ | ૧૦૦.૦ |

કુલ મત- ૬૯,૧૨૦ થયેલ મતદાન-૪૭,૮૪૬ (૬૯.૦ ટકા)

નકામા ગયેલ મત - ૭,૦૪૦ (કુલ મતદાનના ૧૫ ટકા)

ખરામત - ૪૦,૮૦૬ (કુલ મતદાનના ૮૫.૦ ટકા)

આમ શ્રી ઉત્તમભાઇ પટેલ ભારે બહુમતીથી ચૂંટણીમાં જીત્યા હતા.

પાર્લામેન્ટના ઉમેદવારની ચૂંટણી આ ચૂંટણી સાથે સાથ થતી હોય છે. પાર્લામેન્ટની ચૂંટણીમાં કોંગ્રેસી ઉમેદવાર મોટી બહુમતીથી ચૂંટાઇ આવ્યા હતા. પાર્લામેન્ટની ચૂંટણી પર પણ શ્રી ઉત્તમભાઇ તથા પારડી સત્યાગ્રહના બીજા આગેવાન સ્વ.ઇશ્વરભાઇ દેસાઇની વ્યક્તિગત અસર દેખાઇ આવતી હતી. ગઇ ચૂંટણી વખતે આ બંને આગેવાનો પ્રજા-સમાજવાદી પક્ષમાં હતા તેથી ગઇ ચૂંટણીમાં બંને જગ્યાએ પ્રજા-સમાજવાદી પક્ષના ઉમેદવારો ચૂંટાયા હતા. તેથી આ બંને જગ્યાઓની ચૂંટણીમાં પક્ષ કરતાં વ્યક્તિગત અસરનું વધુ મહત્વ સ્પષ્ટપણે જણાતું હતું.

ઝઘડીઆ મત વિસ્તારમાં પરિસ્થિતિ પારડીથી જુદી જણાઇ હતી. ત્યાં કોઇ વ્યક્તિગત ઉમેદવારનું વર્ચસ્વ જણાતું નહોતું. આ મતવિસ્તારમાં કોંગ્રેસની સામે સ્વતંત્ર પક્ષે બરાબર મોરચો માંડયો હતો. પરંતુ સભાઓ ભરીને ચૂંટણી પ્રચાર કરવાને બદલે વ્યક્તિગત આગેવાનોને પોતાના કાબુ નીચે લેવાના પ્રયત્નો પર વધુ ભાર અપાતો જણાયો હતો, અને તેથી બંને પક્ષો આ આગેવાનોને આર્થિક લાલચો આપી પોતાની તરફ ખેંચવાના પ્રયત્નો છેક છેવટની ઘડી સુધી કરતા જણાતા હતા. તપાસ માટે પસંદ થયેલ ત્રણમાંથી બે મતદાન મથકોએ બંને પક્ષની પોલીંગ ઓફિસો ચૂંટણીને દિવસે હતી, તથા બંને પક્ષના પોલીંગ એજન્ટો સક્રિય જણાતા હતા. ખરઠા મતદાન મથક જે ઊંડાણના વિસ્તારમાં હતું ત્યાં માત્ર કોંગ્રેસ પક્ષની પોલીંગ ઓફિસ હતી તથા તે પક્ષના જ પોલીંગ એજન્ટો હતા. આ મતદાન મથક કોંગ્રેસનો કિલ્લો ગણાતું હોઇ સ્વતંત્ર પક્ષે તેને છોડી દીધું હતું.



મતદાન કેમ કરવું તથા કયા કયા પક્ષના કોણ ઉમેદવારો ઊભા છે તે વિષે મતદારોમાં અહીં પણ પૂરી સમજ દેખાતી નહોતી. ખોટી જગ્યાએ સિક્કા મારવાના કિસ્સા અહીં પણ બનતા હતા. તેથી કુલ મતદાનના ૮ ટકા મત નકામા ઠર્યા હતા. પરંતુ પારડી કરતાં ખોટા મતનું પ્રમાણ અહીં ઓછું હતું. વળી ગઇ ચૂંટણીની સરખામણીએ આ ચૂંટણીનું મતદાન આ વિસ્તારમાં ઘણું વધ્યું હતું. ગઇ ચૂંટણીમાં ૪૪ % મતદાન થયું હતું તેની જગાએ આ ચૂંટણીમાં ૬૩ ટકાનું થયેલ મતદાન નોંધપાત્ર છે. તેની સરખામણીમાં પારડીના મતદાનમાં ઝાઝો ફેર પડયો નથી. ખરેખર તો ત્યાં મતદાન આ ચૂંટણીમાં ઘટયું છે. ગઇ ચૂંટણી વખતે ૭૧ ટકા મતદાન થયું હતું. આ ચૂંટણીમાં તે ૬૯ ટકા થયું છે. બંને સ્થળોએ સ્પર્ધામાં રહેલ તફાવતનો ખ્યાલ મતદાનના પ્રમાણમાં પડેલ ફરક પરથી આવી રહે છે.

તપાસ માટે પસંદ થયેલ ત્રણ મતદાન મથકોએ થયેલ મતદાન નીચે મુજબ છે.

ટબલ નં. ૧૦

ઝઘડીઆમાં થયેલ મતદાન

| | કુલ મત | થયેલ મતદાન | | | કુલ મતના ટકા |
|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | |
| ૧. રતનપુર | ૮૪૬ | ૧૭૧ | ૧૨૯ | ૩૧૦ | ૩૫.૪૬ |
| ૨. અનાદરા | ૭૦૫ | ૨૪૭ | ૧૮૩ | ૪૩૦ | ૬૧.૦૦ |
| ૩. ખરઠા | ૫૭૪ | ૨૫૧ | ૨૦૭ | ૪૫૮ | ૮૩.૦૦ |
| ૪. કુલ | ૨૧૨૫ | ૬૬૯ | ૫૧૯ | ૧૧૯૮ | ૫૬.૩૮ |

ખરઠા સૌથી ઊંડાણનું મતદાન મથક હોવા છતાં ત્યાં મતદાન સૌથી વિશેષ થયું હતું. કોંગ્રેસ પક્ષનું જોર આ મતદાન મથકે સ્પષ્ટ જણાતું હતું. રતનપુર જે ઝઘડીઆની તદન નજીક હતું ત્યાં મતદાન સૌથી ઓછું થયું હતું. આમ થવાનું કારણ એ જણાયું હતું કે રતનપુરની નજીક આવેલી એક પથ્થરની ખાણમાં ચૂંટણી સમયે પથ્થર ફોડવાનું કામ બહુ જોશમાં ચાલતું હતું, અને રોજના અઢી રૂપિયાની કમાણી દરેક વ્યક્તિને થતી હતી. આ કમાણી છોડી ચૂંટણીમાં મત આપવા જવાનો ઉત્સાહ બહુ ઓછા લોકોને હોવાથી મતદાન ઘણું ઓછું થયું હતું.

એકંદરે ચૂંટણીનું પરિણામ કોંગ્રેસ પક્ષના ઉમેદવારની તરફેણમાં આવ્યું હતું, પણ તેમની જીત માત્ર ૫૯૦ મતની નજીવી બહુમતીથી થઇ હતી. કોંગ્રેસની સામે સ્વતંત્ર પક્ષ ઉપરાંત જનતા પરિષદના એક ઉમેદવાર ઊભા હતા, અને તેમને પણ સારા મતો મળ્યા હતા. તેથી કોંગ્રેસ વિરોધી મતો વહેંચાઇ જવા પામ્યા હતા. જો આમ ન થયું હોત તો કોંગ્રેસી ઉમેદવાર ન જીતી શકત. વળી ઝઘડીઆના મતવિસ્તારમાં ડેડીઆપાડા તાલુકાનો થોડો ભાગ જોડવામાં આવ્યો છે. ઝઘડીઆ વિસ્તારની મત ગણત્રી દરમ્યાન સ્વતંત્ર પક્ષના ઉમેદવાર જીતમાં હતા, પણ ડેડીઆપાડાના મતોની ગણત્રી વખતે બાજી ઉલટી થઇ ગઇ, અને કોંગ્રેસી ઉમેદવાર છેવટે જીતી ગયા હતા.

ઝઘડીઆ મતવિસ્તારની ધારાસભાની બેઠકનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

ટેબલ નં. ૧૧

ઝઘડીઆનું ધારાસભાની બેઠકનું ચૂંટણી પરિણામ

| ક્રમ ઉમેદવારનું નામ | પક્ષ | મળવેલા ખરા મત | કુલ ખરા મતના ટકા |
|---|---|---|---|
| ૧. જીણાભાઇ વસાવા | કોંગ્રેસ | ૧૪,૪૭૯ | ૩૯.૦ |
| ૨. જોસેફભાઇ માનસીંગ | સ્વતંત્ર | ૧૩,૮૮૯ | ૩૭.૪ |
| ૩. કેશવભાઇ વસાવા | જનતા પરિષદના ટેકાથી | ૮,૭૬૪ | ૨૩.૬ |
| | | ૩૭,૧૩૨ | |

કુલ મત-૬૪,૧૪૫ ખોટા મત-૩,૨૯૨ (કુલ મતદાનના ૮ ટકા)

થયેલ મતદાન-૪૦,૪૨૪ ખરામત- ૩૭,૧૩૨ (કુલ મતદાનના ૯૨ ટકા)

(૬૩ ટકા)

પાલાર્મેન્ટની આ વિભાગની ચૂંટણીમાં કોંગ્રેસી ઉમેદવાર સારી બહુમતીથી ચૂંટાયા હતા, પણ તેમની જીતનું કારણ પણ કોંગ્રેસ વિરોધી મતો વહેંચાઇ ગયા તે હતું. આ ચૂંટણીનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.

ટેબલ નં. ૧૨

ઝઘડીઆનું પાલાર્મેન્ટની બેઠકનું ચૂંટણી પરિણામ

| ક્રમ ઉમેદવારનું નામ | પક્ષ | મળવેલ ખરા મત | કુલ ખરા મતના ટકા |
|---|---|---|---|
| ૧. માનસિંહ રાણા | કોંગ્રેસ | ૧,૩૪,૧૪૯ | ૪૭.૪ |
| ૨. ઉદયસિંહ મહીડા | સ્વતંત્ર | ૯૬,૨૯૧ | ૩૪.૩ |
| ૩. ઠાકોરભાઇ શાહ | જનતા પરિષદ | ૪૧,૫૭૩ | ૧૪.૬ |
| ૪. ઉમરજી ઇસ્માઇલ | સ્વતંત્ર | ૬,૨૨૦ | ૨.૧ |
| ૫. મંગાભાઇ છનાભાઇ | સ્વતંત્ર | ૪,૬૫૨ | ૧.૬ |
| | | ૨,૮૨,૮૮૪ | ૧૦૦.૦૦ |

પારડીમાં કોંગ્રેસી ઉમેદવારને સ્પષ્ટ જીત મળી અને ઝઘડીઆમાં તેને માંડ માંડ જીત મળી એ બંને સ્થળોના પરિણામો પરથી મતદારોની રાજકીય જાગૃતિ વિષે કોઇ સ્પષ્ટ અનુમાન પર આવવું શકય જણાતું નથી. પારડીમાં ઉમેદવારની વ્યકિતગત લોકપ્રિયતાને કારણ ચૂંટણી દરમ્યાન જે લોકશિક્ષણ થવુ જોઇએ તે ન થઇ શકયું, જયાર ઝઘડીઆમાં પક્ષીય ખેંચતાણ સારી હોવાને કારણ રાજકીય જાગૃતિ પેદા થવાના જે અનુકૂળ સંજોગો પેદા થયા હતા તેનો લાભ બધાં પક્ષોએ ચૂંટણી દરમ્યાન અપનાવેલી પધ્ધતિઓને કારણે પૂરો લઇ શકાયો નહિ. આદિવાસી વિસ્તારોમાં પરાપૂર્વથી ચાલી આવેલી પ્રણાલિકાઓને કારણે આગેવાનોનું લોકો પરનું વર્ચસ્વ ઘણું હોય છે. રાજકીય પક્ષોએ



ચૂંટણીમાં આ વર્ચસ્વનો પૂરેપુરો લાભ ઉઠાવી સરળ રસ્તે ચૂંટણી લડવાનું પસંદ કર્યું તેથી ચૂંટણી મારફતે જે લોકશિક્ષણ થવું જોઇએ તે ન થયું. આમ એક ઠેકાણે વિરોધ પક્ષ ન હોવાથી ચૂંટણી દરમ્યાન લોકશિક્ષણ ન થયુ તો બીજે ઠેકાણે વિરોધ પક્ષો હોવા છતાં તેમણે ચૂંટણી લડવા માટે અખત્યાર કરેલ પધ્ધતિને કારણે લોકશિક્ષણ ન થયું.

## ૫. ચૂંટણી વિષેની જાણકારી :

લોકોને ચૂંટણી અગાઉ તથા તે સમયે જે રાજકીય શિક્ષણ આપવું જોઇએ તે અપાતું ન હોવાને કારણે લોકોની રાજકીય સમજ પૂરી કેળવાતી નથી હોતી તેથી ચૂંટણી અંગેની તદ્દન સામાન્ય જાણકારી પણ તેમની પાસે કેટલીક વખત હોતી નથી. આ દ્રષ્ટિએ આ મત વિસ્તારોમાં વ્યકિતગત મતદારોનો સંપર્ક સાધતી વખતે તેમની ચૂંટણી અંગેની સામાન્ય જાણકારી કેટલી છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તે માટે તેમને કેટલાક સાદા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, તેમના જે જવાબો મળ્યા તેના પરથી તેમની આ સમજનું માપ કાઢી શકાશે એમ માન્યુ છે.

પહેલો પ્રશ્ન કેટલા વર્ષે ચૂંટણીઓ યોજાય છે તે અંગે પૂછયો હતો. આ પ્રશ્નનો સાચો જવાબ આપનાર વ્યકિતઓની સંખ્યા બંને મતવિસ્તારોમાં નીચે મુજબ છે.

ટેબલ નં. ૧૩

મતદારોની ચૂંટણીના સમય અંગેની જાણકારી

| | પારડી | | | ઝઘડીઆ | |
|---|---|---|---|---|---|
| | સાચો જવાબ આપનારની સંખ્યા | તપાસ નીચેના કુલ મતદારોના ટકા | | સાચો જવાબ આપનારની સંખ્યા | તપાસ નીચેના કુલ મતદારોના ટકા |
| સંખુલાવ | ૩૯ | ૪૨.૯ | રતનપુર | ૧૯ | ૩૦.૧ |
| ડુમલાવ | ૭૫ | ૭૫.૦ | અનાધરા | ૧૫ | ૨૪.૬ |
| અરનાલા | ૨૪ | ૩૩.૮ | ખરેઠા | ૩૦ | ૫૬.૬ |
| કુલ | ૧૩૮ | ૫૨.૬ | કુલ | ૬૪ | ૩૬.૧ |

પારડીમાં ડુમલાવ અને ઝઘડીઆમાં ખરેઠા રાજકીય દ્રષ્ટિએ વધારે જાગૃત હોઇ ત્યાંના સાચા જવાબોનું પ્રમાણ બીજા મતદાન મથકો કરતાં વધારે છે. પણ એકંદરે જોઇએ તો પારડીમાં અર્ધોઅર્ધ અને ઝઘડીઆમાં ૨/૩ ભાગના મતદારોને ચૂંટણીના ગાળા વિષે સાચી માહિતી મળી નથી.

અક્ષરજ્ઞાનનો આ જાણકારી સાથે સીધો સંબંધ છે તે નીચેના પૃથ્થકરણ પરથી જણાય છે.

ટેબલ નં. ૧૪

તપાસ હેઠળના મતદારોના ચૂંટણીના સમય અંગેના જવાબને સાક્ષરતા સાથે સંબંધ

| | પારડી | | | ઝઘડીઆ | | |
|---|---|---|---|---|---|---|
| | અક્ષરજ્ઞાન પામેલા | અક્ષરજ્ઞાન નહિ પામેલા | કુલ | અક્ષરજ્ઞાન પામેલા | અક્ષરજ્ઞાન નહિ પામેલા | કુલ |
| સાચો જવાબ આપનાર | ૫૭ | ૮૧ | ૧૩૮ | ૧૮ | ૪૬ | ૬૪ |
| સાચો જવાબ નહિ આપનાર | ૯ | ૧૧૫ | ૧૨૪ | ૧૨ | ૧૦૧ | ૧૧૩ |
| કુલ | ૬૬ | ૧૯૬ | ૨૬૨ | ૩૦ | ૧૪૭ | ૧૭૭ |

અક્ષરજ્ઞાન પામેલા મતદારોના પારડીમાં ૮૬ ટકા અને ઝઘડીઆમાં ૬૦ ટકા સાચો જવાબ આપે છે, જયારે અક્ષરજ્ઞાન નહિ પામેલા મતદારોના પારડીમાં ૪૧ ટકા અને ઝઘડીઆમાં ૩૧ ટકા સાચો જવાબ આપે છે. અક્ષરજ્ઞાન ઉપરાંત પણ બીજા બળો રાજકીય જાણકારી વિસ્તારવામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે, તે પણ પારડી અને ઝઘડીઆનાં પરિણામો સરખાવતાં સ્પષ્ટ થાય છે. પારડીમાં અક્ષરજ્ઞાન પામેલાઓમાંથી સાચા જવાબો આપનારનું પ્રમાણ ઝઘડીઆ કરતાં ઘણું વધારે છે તેનું કારણ પારડી સત્યાગ્રહને લીધે પેદા થયેલ રાજકીય વાતાવરણ છે.

બીજો પ્રશ્ન મતદારની લાયકાત અંગે પૂછવામાં આવ્યો હતો, અને તેમાં કોઈ જાતનો ભેદભાવ સ્ત્રી પુરુષ વચ્ચે, ગરીબ પૈસાદાર વચ્ચે, ભણેલા અભણ વચ્ચે કે ધર્મના કારણે કરવામાં આવે છે કે કેમ તે પૂછવામાં આવ્યું હતું. આ પ્રશ્નનો જવાબ એકંદરે બંને મતદાર મથકોમાં મોટા પ્રમાણમાં સાચો આવ્યો હતો.

ટેબલ નં. ૧૫

મતદારોની મતદારની લાયકાત વિષેની જાણકારી

| | પારડી | | ઝઘડીઆ | |
|---|---|---|---|---|
| | સાચા જવાબની સંખ્યા | કુલ મતદારના ટકા | સાચા જવાબની સંખ્યા | કુલ મતદારના ટકા |
| જાતિને કારણે ભેદભાવ નથી | ૨૪૮ | ૯૪.૬ | ૧૬૦ | ૯૦.૪ |
| શિક્ષણને કારણે ભેદભાવ નથી | ૨૩૭ | ૯૦.૪ | ૧૬૧ | ૯૧.૦ |
| ધર્મના કારણે ભેદભાવ નથી | ૨૨૯ | ૮૭.૪ | ૧૬૩ | ૯૨.૧ |
| પૈસાના કારણે ભેદભાવ નથી | ૨૩૪ | ૮૯.૩ | ૧૬૮ | ૯૪.૯ |



ચૂંટણી પછી જ બધા મતદારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો, અને તે સૌએ આવા કોઈ મતભેદો નથી રખાતા તેનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો તેથી આ પ્રશ્નના જવાબો મોટા પ્રમાણમાં સાચા મળ્યા હતા.

કઈ ઉંમરે મતદાનનો હકક પ્રાપ્ત થાય છે તે અંગેના પ્રશ્નનો સાચો જવાબ આપનાર મતદારોની સંખ્યા તથા પ્રમાણ નીચે મુજબ હતું. મતદારની ઉંમર એકવીસ વર્ષની હોવી જોઈએ એવો જવાબ આપનારને સાચો જવાબ આપનાર ગણ્યા છે.

ટેબલ નં. ૧૬

મતદારોની મતદાન માટે આવશ્યક ઉંમર અંગેની જાણકારી

| પારડી | | | ઝઘડીઆ | | |
|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | | સંખ્યા | ટકા |
| સુખલાવ | ૩૦ | ૩૩.૦ | રતનપુર | ૨ | ૩.૨ |
| ડુમલાવ | ૫૮ | ૫૮.૦ | અનાધરા | ૫ | ૮.૨ |
| અરનાલા | ૨૮ | ૩૯.૪ | ખરેઠા | ૫ | ૯.૪ |
| કુલ | ૧૧૬ | ૪૪.૨ | કુલ | ૧૨ | ૬.૮ |

પારડીમાં ઝઘડીઆ કરતાં સાચા જવાબ આપનારનું પ્રમાણ ઘણું મોટું છે તેમ છતાં ત્યાં પણ અર્ધાથી વધુ સંખ્યાને કઈ ઉંમરે મતનો હકક પ્રાપ્ત થાય છે તેની જાણકારી નથી. ઝઘડીઆમાં તો આ બાબતમાં લગભગ સાર્વત્રિક અજ્ઞાન પ્રવર્તે છે. પારડીમાં ડુમલાવ મતદાન મથક આ જાણકારીમાં પણ સૌથી આગળ છે.

અક્ષરજ્ઞાનની અસર શું થાય છે તે આ પ્રશ્નની જાણકારી બાબતમાં તપાસતાં નીચે મુજબનું પરિણામ જાણવા મળે છે.

ટેબલ-નં. ૧૭

ઉંમર અંગેની જાણકારી ને મતદારના અક્ષરજ્ઞાન સાથેનો સંબંધ

| | પારડી | | | ઝઘડીઆ | | |
|---|---|---|---|---|---|---|
| | અક્ષરજ્ઞાન પામેલ | અક્ષરજ્ઞાન નહિ પામેલ | કુલ | અક્ષરજ્ઞાન પામેલ | અક્ષરજ્ઞાન નહિ પામેલ | કુલ |
| સાચો જવાબ | ૫૬ | ૬૦ | ૧૧૬ | ૯ | ૩ | ૧૨ |
| ખોટો જવાબ | ૧૦ | ૧૩૬ | ૧૪૬ | ૨૧ | ૧૪૪ | ૧૬૫ |
| કુલ | ૬૬ | ૧૯૬ | ૨૬૨ | ૩૦ | ૧૪૭ | ૧૭૭ |

આ આંકડાઓ પરથી જોઇ શકાય છે કે અક્ષરજ્ઞાન મેળવેલાઓમાં સાચો જવાબ આપનારનું પ્રમાણ ઘણું મોટું છે. અક્ષરજ્ઞાન ઉપરાંત બીજા પણ કેટલાક બળો આ જાણકારી ફેલાવવામાં અસરકારક કામગીરી બજાવે છે તે આપણને પારડી અને ઝઘડીઆનાં પરિણામો ધ્યાન પૂર્વક જોતાં જણાય છે.

ચૂંટણીના હેતુ વિષેનો પ્રશ્ન પૂછતાં મળેલા જવાબોનું પૃથ્થકરણ નીચે મુજબ છે. ચૂંટણીના હેતુઓ વિષે મતદારોને સાત વિકલ્પો (જુઓ પ્રશ્નાવલિ) આપવામાં આવ્યા હતા. એમાંથી જેમણે ''પોતાની પસંદગીની સરકાર લોકશાહી ઢબે નક્કી કરવા માટે ચૂંટણીઓ યોજવામાં આવે છે'' એવો જવાબ આપ્યો હતો તેમના જવાબને સાચા જવાબ ગણવામાં આવ્યા હતા.

ટેબલ નં. ૧૮

ચૂંટણીના હેતુ વિષેની મતદારોની જાણકારી

| | પારડી (સાચો જવાબ આપનાર મતદારોની) | | ઝઘડીઆ (સાચો જવાબ આપનાર મતદારોની) | | |
|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | | સંખ્યા | ટકા |
| સુખલાવ | ૧૭ | ૧૮.૭ | રતનપુર | ૧૬ | ૨૫.૪ |
| ડુમલાવ | ૪૩ | ૪૩.૦ | અનાધરા | ૨૩ | ૩૭.૧ |
| અરનાલા | ૧૮ | ૨૫.૪ | ખરેઠા | ૭ | ૧૩.૨ |
| કુલ | ૭૮ | ૨૯.૮ | કુલ | ૪૬ | ૨૬.૦ |

બંને વિસ્તારોમાં ચૂંટણીના હેતુ વિષે સાચી સમજ હોય તેવા મતદારોની સંખ્યા ત્રીજા ભાગથી પણ ઓછી છે. આ બાબતમાં પણ સૌથી વિશેષ જાણકારી પારડીના ડુમલાવ મતદાન મથકમાં છે. પાર્લામેન્ટ માટેના તથા ધારાસભા માટેના મતપત્રક વચ્ચે શું તફાવત છે તે વિષેની જાણકારી અંગેના પ્રશ્નનો સાચો જવાબ આપનાર મતદારોની વિગતો નીચે મુજબ છે.

ટેબલ નં. ૧૯

મતપત્રક વિષે જાણકારી

| | પારડી | | ઝઘડીઆ | | |
|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | | સંખ્યા | ટકા |
| સુખલાવ | ૧૨ | ૧૩.૨ | રતનપુર | ૧ | ૧.૬ |
| ડુમલાવ | ૪૦ | ૪૦.૦ | અનાધરા | ૬ | ૯.૮ |
| અરનાલા | ૪ | ૫.૬ | ખરેઠા | - | ૦.૦ |
| કુલ | ૫૬ | ૨૧.૩ | | ૭ | ૪.૦ |



અક્ષરજ્ઞાનની આ બાબતમાં થોડી અસર થાય છે, પરંતુ એ સિવાયના બીજા કારણોની વધુ અસર થાય છે. એમ પારડી અને ઝઘડીઆનાં પરિણામોની સરખામણી કરતાં લાગે છે.

ચૂંટણી અંગેની સામાન્ય જાણકારી અંગેના પ્રશ્નો પૂછયા બાદ ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારો, તેમનો પક્ષ, પક્ષનું નિશાન અને તેમાંથી કોણ ધારાસભા માટે ઊભા હતા અને કોણ પાર્લામેન્ટ માટે ઊભા હતા તે વિષેના કેટલાક પ્રશ્નો મતદારોને પૂછવામાં આવ્યા હતા. મતદાન કરતી વખતે મતદાર આ બધા વિષે કેટલી જાણકારી ધરાવે છે તેના પર તે કેટલી સમજપૂર્વક મતદાન કરે છે તેનો આધાર રહેલો છે.

ધારાસભા અને પાર્લામેન્ટની ચૂંટણીમાં પોતાના મત વિભાગમાં કેટલા ઉમેદવારો ઊભા રહયા હતા તે પ્રશ્નનો સાચો જવાબ આપનાર મતદારોની વિગતો નીચે મુજબ છે.

ટેબલ નં. ૨૦

ઉમેદવારો વિષેની જાણકારી

| | પારડી | | ઝઘડીઆ | | |
|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | | સંખ્યા | ટકા |
| સુખલાવ | ૭ | ૭.૭ | રતનપુર | ૧ | ૧.૬ |
| ડુમલાવ | ૨૨ | ૨૨.૦ | અનાધરા | ૧૭ | ૨૭.૯ |
| અરનાલા | ૧ | ૧.૪ | ખરેઠા | - | ૦.૦ |
| કુલ | ૩૦ | ૧૧.૪ | કુલ | ૧૮ | ૧૦.૨ |

બંને મતવિભાગોમાં ચૂંટણીમાં કેટલા ઉમેદવારો ઊભા રહેલ તે અંગેની જાણકારી ઘણી ઓછી છે તેમ ઉપરના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોની વધુ વિગતો જેવી કે તેમનાં નામ, તે કયા પક્ષ તરફથી ઊભા છે, તેમના પક્ષનું નિશાન, કઇ બેઠકમાં ઊભા રહયા છે વગેરે અંગે પૂછેલા પ્રશ્નોના જવાબનું પૃથ્થકરણ નીચે મુજબ છે.

ટેબલ નં. ૨૧

ઉમેદવારો વિષેની વિશેષ જાણકારી

| | પારડી | | ઝઘડીઆ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| પૂરી માહિતી આપના | ૮ | ૩.૦ | ૧ | ૦.૫ |
| અધૂરી માહિતી આપનાર | ૧૩૯ | ૫૩.૦ | ૬૮ | ૩૮.૦ |
| કશી માહિતી ન આપી શકનાર | ૧૧૫ | ૪૪.૦ | ૧૦૮ | ૬૧.૫ |
| કુલ | ૨૬૨ | ૧૦૦.૦ | ૧૭૭ | ૧૦૦.૦ |

બંને મતવિસ્તારોમાં બધા ઉમેદવારો વિષે પૂરી માહિતી આપનાર મતદારોનું પ્રમાણ ઘણું જુજ છે, જયાર એકપણ ઉમેદવાર વિષે કશી માહિતી ન આપી શકનાર મતદારોનું પ્રમાણ ઘણું મોટું છે. બંનેમાં પારડીની સ્થિતિ ઝઘડીઆ કરતાં કંઇક સારી ગણી શકાય. ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારો સાથે અંગત પરિચય કેટલાને હતો તે પ્રશ્નનો જવાબ નીચે મુજબ મળ્યો છે.

ટેબલ નં. ૨૨

ઉમેદવાર સાથેનો પરિચય

| | પારડી | | ઝઘડીઆ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| એક ઉમેદવાર સાથે | ૧૦૧ | ૩૮.૫ | ૨ | ૧.૧ |
| બે ઉમેદવારો સાથે | ૨૮ | ૧૦.૭ | ૨ | ૧.૧ |
| ત્રણ ઉમેદવારો સાથે | ૬ | ૨.૩ | - | - |
| ચાર ઉમેદવારો સાથે | ૧ | ૦.૪ | - | - |
| બધા સાથે | ૧ | ૦.૪ | - | - |
| કોઇની સાથે નહિ | ૧૨૫ | ૪૭.૭ | ૧૭૩ | ૯૭.૮ |
| કુલ | ૨૬૨ | ૧૦૦.૦ | ૧૭૭ | ૧૦૦.૦ |

પારડીમાં જે એક ઉમેદવાર સાથે ૩૮.૫ ટકાને અંગત પરિચય છે તે પારડી સત્યાગ્રહને કારણે જાણીતા બનેલ આગેવાન શ્રી ઉત્તમભાઇ જે ચૂંટણીમાં ઊભા રહયા હતા, તેમની સાથે છે. તે સિવાય બીજા ઉમેદવારો સાથે બહુ ઓછાને અંગત પરિચય છે. ઝઘડીઆમાં તો ભાગ્યે જ કોઇને કોઇપણ ઉમેદવાર સાથે અંગત પરિચય છે. ઉત્તમભાઇ સાથેનો મતદારોનો પરિચય પણ પારડી સત્યાગ્રહને લીધે છે. ઉત્તમભાઇએ પોતાના મતદારોનો વ્યક્તિગત સંપર્ક સાધ્યો હોય અને તેને કારણે તે પરિચય થયો હોય એવું નથી. ચૂંટણી દરમ્યાન મતદારોનો વ્યક્તિગત સંપર્ક સાધી તેમને પોતાની લાયકાત સમજાવી તેમના મત મેળવવાનો બેમાંથી એકય મતદાર વિસ્તારમાં થયો જણાયો નથી. પારડી મત વિસ્તારમાં પોતાની લોકપ્રિયતાને કારણે આવા કોઇ સંપર્કની જરૂર નથી એવું ઉત્તમભાઇએ માન્યું હોય એ સંભવિત છે.

ચૂંટણી અંગે જુદા જુદા પક્ષો તરફથી થયેલ સભાઓમાં કેટલાએ હાજરી આપી હતી તે પ્રશ્નનો જવાબ નીચે મુજબ મળ્યો હતો.

ટેબલ નં. ૨૩

ચૂંટણી સભામાં હાજરી

| | પારડી હાજરી આપનાર | | ઝઘડીઆ હાજરી આપનાર | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| કોંગ્રેસ પક્ષની ચૂંટણી સભા | ૪૮ | ૧૮.૦ | ૩ | ૧.૭ |
| બીજા પક્ષોની ચૂંટણી સભા | - | - | - | - |
| કુલ | ૪૮ | ૧૮.૦ | ૩ | ૧.૭ |

પારડીમાં ૧૮ % અને ઝઘડીઆમાં તો માત્ર ૧.૭ % મતદારોએ જ કોઇપણ પક્ષની ચૂંટણી સભામાં હાજરી આપી હતી. મતદારોને ચૂંટણી સભા દ્વારા પોતાના પક્ષનો કાર્યક્રમ સમજાવવો અને તે રીતે તેમના મત મેળવવા એ સાચી લોકશાહીમાં જરૂરી ગણાય. પરંતુ આ માર્ગે મત મેળવવાને બદલે અંગત લાગવગને જોરે મત મેળવવાનો સઘળો પ્રયત્ન થાય છે એ આ જવાબો પરથી જોઇ શકાય છે. ચૂંટણી અગાઉના નિરીક્ષણ ઉપરથી પણ આ જ છાપ પડી હતી જેનો અગાઉ ઉલ્લેખ થઇ ચૂકયો છે.

ઉમેદવારોએ મતદારોનો અંગત સંપર્ક સાધ્યો હતો કે કેમ તે પ્રશ્નના જવાબમાં પારડીમાં ૧૯મતદારોએ અને ઝઘડીઆમાં ૨ મતદારોએ તેમનો અંગત સંપર્ક સાધ્યાનું જણાવ્યું હતું. પારડીમાં અંગત સંપર્ક સાધનાર ઉમેદવાર તાલુકાના આગેવાન કાર્યકર શ્રી ઉત્તમભાઇ હતા. ઝઘડીઆમાં કોણે અંગત સંપર્ક સાધ્યો હતો તે મતદારો જણાવી શકયા નહોતા. આ ઉપરથી જોઇ શકાય છીએ કે મતદારોનો અંગત સંપર્ક પણ ઉમેદવારો બંને મત વિસ્તારોમાં બહુ ઓછા પ્રમાણમાં સાધી શકયા હતા. જાહેર સભાઓ દ્વારા કે વ્યક્તિગત સંપર્ક દ્વારા બંને રીતે મતદારોનું રાજકીય શિક્ષણ થઇ શકે, પણ તેમ કરવાના ખાસ પ્રયત્નો થયા હોય એવું બંને મતવિસ્તારોમાં જણાયું નથી. પારડીમાં ઉમેદવારે પોતાની લોકપ્રિયતા ઉપર બધો વિશ્વાસ મૂકી આ દિશામાં જરૂરી પ્રયત્નો કર્યા નથી, જયારે ઝઘડીઆમાં બંને મુખ્ય ઉમેદવારોએ મુખ્યત્વે ગામડાની ચાલુ નેતાગીરી જેવી કે સરપંચ, મુખી વગેરેને પોતાના હાથમાં લઇને જ ચૂંટણી લડવાનો નિર્ધાર કર્યો હોઇ મતદારોના શિક્ષણની જરૂર તેમને જણાઇ નથી.

ચૂંટણી અંગેનું સાહિત્ય કેટલાને મળ્યું હતું તે પ્રશ્નના જવાબમાં પારડીમાં લગભગ બધા મતદારોને તે સાહિત્ય મળ્યું હોવાનું જણાયું હતું. ઝઘડીઆમાં પરિસ્થિતિ આનાથી તદ્દન ઉલટી હતી. ત્યાં માત્ર ૧૯ મતદારોને (૧૦.૮ %) જ ચૂંટણી સાહિત્ય મળ્યું હતું. સ્વતંત્ર પક્ષ અને કોંગ્રેસ વચ્ચે ભારે રસાકસી હોવા છતાં ચૂંટણી સાહિત્ય પણ બધા મતદારોને પહોંચાડવામાં આવ્યું નહોતું. ચૂંટણી જીતવા માટે બધો જ આધાર અંગત લાગવગ પર રાખવામા આવ્યો હતો. આમ ચૂંટણી દરમ્યાન થતી લોકશિક્ષણની પ્રક્રિયાઓનો બંને મતવિસ્તારોમાં એકંદર અભાવ વર્તાયો હતો, જો કે ઝઘડીઆ વિસ્તારમાં પરિસ્થિતિ વધારે ખરાબ જણાઇ હતી.

મતદારોએ મતદાન કરતી વખતે મત આપવાનો નિર્ણય કોના કહેવાથી કર્યો હતો તે પ્રશ્નના જવાબમાં નીચેનું પરિણામ મળ્યું હતું.

ટેબલ નં. ૨૪

મતદાન બાબતમાં કોનું માર્ગદર્શન લીધું

| | પારડી | | ઝઘડીઆ | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧. જાતે નિર્ણય કર્યો | ૧૮ | ૪૫.૦ | ૯૭ | ૫૪.૮ |
| ૨. મિત્રોના કહેવાથી | ૧ | ૦.૪ | - | - |
| ૩. સગાસંબંધીના કહેવાથી | ૫૮ | ૨૨.૧ | ૫ | ૨.૮ |
| ૪. નાતીલાઓના કહેવાથી | ૩ | ૧.૧ | ૬ | ૩.૪ |
| ૫. ગામ લોકોના કહેવાથી | ૫૫ | ૨૧.૦ | ૧૫ | ૮.૫ |
| ૬. અમલદારોના કહેવાથી | - | - | ૧ | ૦.૫ |
| ૭. સામાજિક કાર્યકર્તાઓના કહેવાથી | ૧ | ૦.૪ | - | .. |
| ૮. મતદાન કર્યું નથી | ૨૬ | ૧૦.૦ | ૫૩ | ૩૦.૦ |
| કુલ | ૨૬૨ | ૧૦૦.૦ | ૧૭૭ | ૧૦૦.૦ |

આ પ્રશ્ન પૂછતી વખતે મતદારોએ કયા ઉમેદવારને કે કયા પક્ષને મત આપ્યો તે પૂછવામાં આવ્યું નહોતું. પણ માત્ર તેમણે મત આપવાનો નિર્ણય કોના કહેવાથી લીધો હતો તેટલું જ જણાવવાનું કહ્યું હતું. મળેલ જવાબો ઉપરથી જણાય છે કે પારડી વિભાગમાં ૪૫ % જેટલા મતદારોએ મતદાન અંગે જાતે નિર્ણય લીધાનું જણાવ્યું છે, જ્યારે બાકીના ૪૫ % એ સગાંવહાલાં કે ગામ લોકોના કહેવાથી નિર્ણય લીધો છે, અને ૧૦ % એ મતદાન કર્યું જ નથી. ઝઘડીઆ વિસ્તારમાં લગભગ ૫૫ % જાતે નિર્ણય લીધાનું જણાવે છે જ્યારે ૧૫ % બીજાના કહેવાથી નિર્ણય લીધાનું જણાવે છે, અને ૩૦ % એ મતદાન કર્યું જ નથી. પારડીના જવાબો વધારે નિખાલસ જણાય છે, અને પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપે છે. ઝઘડીઆના જવાબો એટલા નિખાલસ જણાતા નથી, કારણ જાતે નિર્ણય લઇ શકે એવું વાતાવરણ ઝઘડીઆમાં બીજી રીતે જોવા મળ્યું નથી. જાતે નિર્ણય લીધો ભલે કહેવાય, પણ તે લેવા માટે જે જાતની મતદારની તૈયારી થવી જોઇએ તેનો સદંતર અભાવ જોવા મળ્યો છે. તેથી તેને કેટલા પ્રમાણમાં જાતે નિર્ણય લઇને મતદાન કર્યું કહી શકાય એ વિચારવા યોગ્ય પ્રશ્ન બની જાય છે.

મતદાન નહિ કરનારના ટકા પારડીમાં ૧૦ અને ઝઘડીઆમાં ૩૦ છે, ઝઘડીઆના એકંદર મત વિસ્તાર સાથે નહિ મતદાનના ટકામાં બહુ ફરક નથી, પરંતુ પારડીના આખાએ મત વિસ્તારના મતદાનના ટકાની સરખામણીમાં તે ઓછા છે. આખાએ મતવિસ્તારમાં મતદાન નહિ કરનારના ટકા પારડીમાં ૩૧ અને ઝઘડીઆમાં ૩૭ હતા. પારડીના નહિ મતદાનના ટકા તપાસ હેઠળના ત્રણ મથકોમાં ઓછા આવવાનું કારણ તપાસ હેઠળના ત્રણમાંથી એક મથક ડુમલાવ હતું, જે ત્યાંના આગેવાન કાર્યકર અને ધારાસભામાં મોટી બહુમતીથી ચૂંટાનાર શ્રી ઉત્તમભાઇ પટેલનું વતન છે. ત્યાં મતદાનનું પ્રમાણ ઘણું મોટું (૮૫.૫ %) હોવાને કારણે ત્રણે મતદાન મથકો પૂરતા નહિ મતદાનના ટકા એકંદર મત વિસ્તારના નહિ મતદાનના ટકા કરતાં ઓછા આવ્યા છે.

## ૬. વર્તમાન બનાવોની સામાન્ય જાણકારી :

જે મતદારોનો વ્યકિતગત સંપર્ક સાધવામાં આવ્યો તેમની ચૂંટણી અંગેની જાણકારી કેટલી છે તે અંગેનો ખ્યાલ મેળવવા ઉપરાંત તેમની ચાલુ બનાવો અંગેની જાણકારી કેટલી છે તે જાણવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો, જેથી તેમની રાજકીય જાગૃતિ વિષે કંઇક વધુ ચોકકસ ખ્યાલ આવી શકે.

આ અંગે પહેલો પ્રશ્ન તેમને તાલુકાના, જિલ્લાના તથા રાજ્યના મહત્વના આગેવાનોના નામો વિષે પૂછવામાં આવ્યો હતો. આવેલા જવાબોનું તારણ નીચે મુજબ છે.



ટેબલ નં. ૨૫

મતદારોની આગેવાનો વિષેની જાણકારી

| | પારડી | | | | ઝઘડીઆ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સુખલાવ | ડુમલાવ | અરનાલા | કુલ | રતનપુર | અનાધરા | ખરેઠા | કુલ |
| ૧. ત્રણે કક્ષાના આગેવાનોનાં નામ આપનાર | ૪ | ૨૩ | ૧ | ૨૮ | ૧ | - | - | ૧ |
| ૨. જિલ્લાના તથા તાલુકાના આગેવાનોનાં નામ જણાવનાર | ૩ | ૯ | - | ૧૨ | - | ૩ | ૧ | ૪ |
| ૩. માત્ર તાલુકાના આગેવાનોનાં નામ જણાવનાર | ૯ | ૧૯ | ૧૫ | ૪૩ | - | ૪ | ૧ | ૫ |
| ૪. કશી માહિતી ન આપી શકનાર | ૭૫ | ૪૯ | ૫૫ | ૧૭૯ | ૬૨ | ૫૪ | ૫૧ | ૧૬૭ |
| ૫. કુલ | ૯૧ | ૧૦૦ | ૭૧ | ૨૬૨ | ૬૩ | ૬૧ | ૫૩ | ૧૭૭ |

આ તારણ પરથી જોઇ શકાય છે કે ઝઘડીઆમાં પ્રદેશના આગેવાનો વિષેની જાણકારી ઘણી ઓછી છે. કુલ મતદારોના ૯૪.૩ ટકા જેટલાને તો તાલુકાના આગેવાનો કોણ છે તેની પણ જાણ નથી. પારડીમાં લગભગ ૬૮.૩ % જેટલા મતદારોને તેમના તાલુકાના આગેવાનો વિષે પણ માહિતી ન હોવાનું જણાય છે. જો કે ઝઘડીઆ કરતાં તેની પરિસ્થિતિ વધુ સારી છે. પારડીમાં આ જાણકારી ધરાવનાર મતદારોની સૌથી વધુ સંખ્યા ડુમલાવમાં છે. આમ બનવાનું કારણ હવે આપણે જાણીએ છીએ. પારડીમાં પણ આ જાણકારી ધરાવનારની મોટી સંખ્યા પુરુષોની છે. કુલ પુરુષ મતદારોમાંથી લગભગ ૫૪ % મતદારો આગેવાનો વિષેની પુરી કે અધૂરી માહિતી ધરાવતા હતા. જ્યારે સ્ત્રી મતદારોમાંથી તો માત્ર ૧૦ % જ આ માહિતી ધરાવતા હતા. વળી પારડીમાં પણ તાલુકાના આગેવાનો વિષે જ માહિતી ધરાવે છે. ત્રણે કક્ષાના આગેવાનો અંગે માહિતી ધરાવનાર મતદારોનું પ્રમાણ તો કુલ મતદારોના માત્ર ૧૦ % જેટલું જ છે.

બીજો પ્રશ્ન પક્ષોની જાણકારી અંગેનો હતો. તેનું પરિણામ નીચે મુજબ આવ્યું છે.

ટેબલ નં. ૨૬

પક્ષો વિષેની જાણકારી

| | પારડી | | | | ઝઘડીઆ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સુખ-લાવ | ડુમ-લાવ | અરના-લા | કુલ | રતન-પુર | અનાધ-રા | ખરઠા | કુલ |
| ૧. જિલ્લાના, રાજયના તથા દેશના મુખ્ય પક્ષો વિષે જાણનાર | ૮ | ૨૮ | ૧ | ૩૭ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૨. જિલ્લાના તથા રાજયના પક્ષો વિષે જાણનાર | ૩ | ૫ | ૨ | ૧૦ | ૧ | - | ૧ | ૨ |
| ૩. જિલ્લાના પક્ષો વિષે જાણનાર | ૮ | ૧૩ | ૧૫ | ૩૬ | - | - | ૧ | ૧ |
| ૪. કોઇપણ સ્તરના પક્ષ વિષે કશી જાણકારી ન ધરાવનાર | ૭૨ | ૫૪ | ૫૩ | ૧૭૯ | ૬૧ | ૫૬ | ૪૯ | ૧૬૬ |
| કુલ | ૯૧ | ૧૦૦ | ૭૧ | ૨૬૨ | ૬૩ | ૬૧ | ૫૩ | ૧૭૭ |

આમાં પણ ઝઘડીઆ કરતાં પારડીમાં અને પારડીમાં પણ ડુમલાવમાં વિશેષ જાણકારી જણાય છે. વળી આ જાણકારી પણ સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વિશેષ છે. પ્રદેશમાં આદિવાસીઓ માટે જ કામ કરતી સાર્વજનિક સંસ્થાઓ તથા યોજનાઓ વિષે પૂછતાં નીચેનું પરિણામ જોવા મળ્યું હતું

ટેબલ નં. ૨૭

સ્થાનિક સંસ્થાઓ વિષે જાણકારી

| | પારડી | | | | ઝઘડીઆ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સુખ-લાવ | ડુમ-લાવ | અર-નાલા | કુલ | રતન-પુર | અના-ધરા | ખર-ઠા | કુલ |
| ૧. જિલ્લાની આદિવાસી સેવા કાર્ય કરતી સંસ્થા | ૩ | ૧૯ | ૨ | ૨૪ | - | ૧ | - | ૧ |
| ૨. સર્વોદય યોજના | ૪ | ૩૩ | - | ૩૭ | - | - | - | - |
| ૩. ગ્રામરક્ષક દલ | ૭ | ૧૫ | ૧ | ૨૩ | - | - | - | - |



પારડીમાં ડુમલાવમાં કંઇક જાણકારી આ સંસ્થાઓ અંગેની જોવા મળે છે. બાકીના ગામોમાં તે અંગેની જાણકારી નહિવત્ છે. જયારે ઝઘડીઆ વિસ્તારમાં તો આ ત્રણ સંસ્થાઓ વિષેની જાણકારીનો સદંતર અભાવ જોવા મળે છે. આ સંસ્થાઓ વિષેની જેમને જાણકારી હતી તે સૌએ આ સંસ્થાઓ સારું કામ કરતી હોવાનો પોતાનો અભિપ્રાય આપ્યો હતો.

તાજેતરમાં બનેલ કેટલીક ઘટનાઓ વિષે તેમની કંઇ જાણકારી છે કે કેમ તે અંગે કેટલાક પ્રશ્નો પૂછવામાં આવતાં મળેલા જવાબોનું તારણ નીચે મુજબ છે.

ટેબલ નં. ૨૮

ચાલુ બનાવો અંગેની જાણકારી

| | પારડી | | | | ઝઘડીઆ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સુખ-લાવ | ડુમ-લાવ | અરના-લા | કુલ | રતન-પુર | અનાધ-રા | ખરે-ઠા | કુલ |
| ૧. ભારત પાકિસ્તાન યુધ્ધ વિષેની જાણકારી ધરાવનાર | ૪૩ | ૬૬ | ૩૧ | ૧૪૦ | ૬ | ૧૨ | ૪ | ૨૨ |
| ૨. સંત ફતેસિંહના તથા શંકરાચાર્યના ઉપવાસ અંગે જાણકારી ધરાવનાર | ૨૪ | ૩૧ | ૨૧ | ૭૬ | ૩ | ૨ | - | ૫ |
| ૩. બિહાર અને ઉત્તર પ્રદેશના દુકાળ અંગે જાણ ધરાવનાર | ૪૬ | ૩૩ | ૪૭ | ૧૨૬ | ૨૨ | ૨૧ | ૧૬ | ૫૯ |

પારડીમાં મહત્વના બનાવો અંગેની જાણકારી સારા પ્રમાણમાં જણાય છે, જયારે ઝઘડીઆમાં તેનું પ્રમાણ પણ ઘણું ઓછું છે. પાકિસ્તાન સાથેના યુધ્ધ વિષેની જાણકારી પણ ત્યાં માત્ર ૧૨ % ને જ હતી તે જાણી આશ્ચર્ય થાય એવું છે. તેની સરખામણીમાં દુકાળ અંગેની જાણકારી વિશેષ છે. આમ ચાલુ બનાવોની સામાન્ય જાણકારી બાબતમાં પણ આપણને જોવા મળે છે કે પારડીમાં ડુમલાવને બાદ કરતાં બીજા વિસ્તારોમાં ઘણા ઓછા લોકો તે વિષે કંઇ જાણકારી ધરાવતા હોય છે. અને તેમાંયે સ્ત્રીઓમાં તો તે વિષે સદંતર અજ્ઞાન પ્રવર્તતું હોય છે. પાકિસ્તાન અંગેની લડાઇ અંગે, ઉપવાસ અંગે કે દુકાળ અંગેની જેમને જાણકારી હતી તેમની જાણકારી પણ ઘણી ઉપરછલ્લી હતી. તેમાંના ઘણા કોઇ કે ઉપવાસ કર્યા છે, અને કયાં દુકાળ પડયો છે તે વિષે તેઓ કશું ચોકકસ કહી શકતા નહોતા. બંને વિસ્તારોમાં બનાવો અંગેની જાણકારી સ્ત્રીઓ કરતાં પુરુષોમાં અને અભણ કરતાં ભણેલામાં વધારે જણાઇ હતી.

## ૭. ઉપસંહાર :

અંતે આપણી તપાસનો સાર કાઢીએ તો નીચેનું ચિત્ર જોવા મળે છે.

૧. બંને વિસ્તારોમાં પક્ષો તરફથી કે ઉમેદવારો તરફથી રાજકીય જાગૃતિનું કામ બહુ ઓછા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. પારડી વિસ્તારમાં વિરોધ પક્ષના અભાવને કારણે અને ઝઘડીઆ વિસ્તારમાં ગામ આગેવાનો મારફતે મતદારો ઉપર કાબૂ મેળવવાની પધ્ધતિનો સ્વીકાર કરવાને કારણે, આમ બંને સ્થળે જો કે જુદા જુદા કારણોસર ચૂંટણી સમયે જોવા મળતા પ્રચારના સામાન્ય સાધનો જેવા કે સભાઓ ભરવી, મતદારોનો વ્યકિતગત સંપર્ક કરવો વગેરેનો ઓછો ઉપયોગ થયો જણાયો હતો.

૨. ઝઘડીઆ કરતાં પારડી વિસ્તારમાં એકંદરે રાજકીય જાગૃતિ વધારે જણાઇ છે, જો કે ત્યાં પણ તે વિસ્તારના આગેવાન શ્રી ઉત્તમભાઇ . ને કારણે રાજકીય જાગૃતિ વધારે જણાય છે, તેમના પોતાના ગામમાં જ તે વધારે છે. બીજા ગામોમાં તેનું પ્રમાણ ઘણું ઓછું છે. પારડી કરતાં ઝઘડીઆમાં રાજકીય જાગૃતિ ઓછી હોવાનું મુખ્ય કારણ બહારના જગત સાથેનો ઓછો સંપર્ક તથા શિક્ષણનું ઓછું પ્રમાણ છે.

૩. બંને વિસ્તારોમાં ભણેલા કરતાં અભણમાં જાગૃતિનું પ્રમાણ ઘણું ઓછું છે.

૪. બંને વિસ્તારોમાં પુરુષો કરતાં સ્ત્રીઓમાં જાગૃતિનું પ્રમાણ ઘણું ઓછું છે.

આમ એકંદરે જોઇએ તો આદિવાસી સમાજ રાજકીય રીતે હજી એટલો તૈયાર થયો નથી, કે તે લોકશાહી વ્યવસ્થા ઊભી કરવામાં સમજપૂર્વક પોતાનો સક્રિય ફાળો આપી શકે. પારડીમાં અને તેમાંયે ડુમલાવમાં જોવા મળતી પરિસ્થિતિ પારડી સત્યાગ્રહ જેવા ખાસ સંજોગોને કારણે ઊભી થયેલી છે. તે ઘટનાને બાદ કરીએ તો રાજકીય જાગૃતિનું પ્રમાણ ઘણું ઓછું છે. તે આપણે પારડીના જ બીજા વિસ્તારોમાંથી જોવા મળે છે. એટલે આદિવાસી સમાજ રાજકીય રીતે પરિપકવ બનવાનું કામ હજી શરૂ થયું નથી, એમ કહીએ તો ખોટું નહિ ગણાય. એ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને તે કારણે તેની રાજકીય જાગૃતિ ઓછી છે એ પણ આપણને આ તપાસમાં જોવા મળ્યું છે. એટલે શિક્ષણ વધતાં રાજકીય જાગૃતિ વધશે એમ જરૂર કહી શકાય. પણ તે ઉપરાંત રાજકીય પક્ષો મતદારોને પોતાના કાર્યક્રમ વિષે તથા પોતાના ઉમેદવારો વિષે વધુ માહિતી આપીને તથા તેમનો અત્યારે છે તેના કરતાં ઘણો વધારે સંપર્ક સાધીને રાજકીય જાગૃતિ વધારવામાં મહત્વનો ફાળો આપી શકે. આદિવાસી વિસ્તારો ઘણા દુર્ગમ છે, ત્યાં અવરજવરનાં સાધનો ઘણાં ઓછાં છે, તથા આદિવાસી વસ્તી ઘણી છૂટીછવાઇ પથરાયેલી છે આ કારણોસર પણ આ વિસ્તારોમાં રાજકીય પક્ષોનો પગ પેસારો જેટલો થવો જોઇએ તેટલો થતો નથી. વ્યકિતગત લાગવગનું બળ આદિવાસી સમાજમાં વિશેષ રહયું છે. લોકશાહી વ્યવસ્થામાં આ બળ ઓછું થાય અને કાર્યક્રમ ઉપર આધારિત પક્ષોનું બળ વધે એમ આપણે ઇચ્છીએ. પરંતુ તેમ થવાને બદલે જોવા એવું મળે છે કે વ્યકિતગત લાગવગનો ઉપયોગ જ ચૂંટણીઓ જીતવામાં વિશેષ થાય છે અને પરિણામે વ્યકિતગત લાગવગનું મહત્વ વધે છે. આમ ચૂંટણી દ્વારા સારું પરિણામ આવવાને બદલે ઊલટું જ પરિણામ આવે છે. આમ થતું અટકાવવું



હોય તો પક્ષોએ મતદારોનો વ્યકિતગત સંપર્ક સાધવાનું તથા તેમને પોતાના કાર્યક્રમો વિષે વિશેષ સમજ આપવાનું કામ તીવ્રપણે કરવું જોઇએ.

ભૂતકાળમાં પણ આદિવાસી વિસ્તારોનો બીજા વિસ્તારો સાથે ઓછો સંપર્ક હોવાને કારણે તથા મોટા ભાગના આદિવાસી વિસ્તારો દેશી રાજયોની હકુમત નીચે હોવાને કારણે ત્યાં રાજકીય જાગૃતિની દ્રષ્ટિએ બહું ઓછું કામ થયું હતું. અન્ય વિસ્તારોમાં આઝાદી માટેની લડતોના કારણે, જેટલી જાગૃતિ પેદા થઇ હતી તેટલી જાગૃતિ આ વિસ્તારોમાં પેદા થઇ નહોતી. કોંગ્રેસે નીતિ તરીકે એવું સ્વીકાર્યું હતું કે આઝાદી માટેની લડત બ્રિટીશ હકુમત નીચેના વિસ્તારોમાં જ લડવી. દેશી રાજયો બ્રિટીશ સત્તાના જોરે જ ટકી રહયા હોઇ ત્યાંની પ્રજાને તો બ્રિટીશ સત્તા સાથેની લડત પતી જતાં રાજાઓ સાથે કોઇપણ જાતની લડત લડયા વિના જ આપોઆપ આઝાદી મળી જવાની છે એટલે આ વિસ્તારોમાં આઝાદીની લડત માટેના આંદોલનો ચલાવવામાં આવ્યાં નહોતાં, જેને પરિણામે લોકોની જાગૃતિ પણ પેદા થઇ શકી નહોતી. આઝાદી પહેલાં ત્યાંના લોકો માટે ચૂંટણીઓ જેવું કઇ જ હતું નહિ. તેથી તેમને માટે આ વ્યવહાર પણ તદ્દન નવો હતો.

આ સંજોગોમાં આઝાદી પછી આ વિસ્તારો પણ સાર્વજનિક મતાધિકારને લીધે આખા દેશની સાથે ચૂંટણીઓમાં ભાગ લેતા થયા છે, છતાં ત્યાં ચૂંટણીઓમાં સમજ પૂર્વકનો સક્રિય ભાગ લેવા માટે જરૂરી ભૂમિકા ઊભી થવી બાકી છે. ચાર ચાર ચૂંટણીઓ પછી પણ તેમાં બહુ મોટો ફેર પડયો હોય એમ દેખાતું નથી. શિક્ષણ વધવાની સાથે તેમાં અચૂક ફેર પડશે. જો રાજકીય પક્ષો ચૂંટણી સમયે અને ચૂંટણી બાદ પણ આ વિસ્તારોનો ગાઢ સંપર્ક કેળવી ત્યાંની પ્રજાના પ્રશ્નોમાં સક્રિય રસ લેવા લાગે તો એ પ્રક્રિયાને જરૂર વધારે ઝડપી બનાવી શકે.

છો/પ/૮૯૭

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

## આદિવાસીઓનું રાજકીય જ્ઞાન - ૪ થી સામાન્ય ચૂંટણીઓ વખતની એક તપાસ

### પ્રશ્નાવલિ

મતદાર મથકનું નામ : 

ગામ :

બુથનું નામ :

તાલુકો :

જિલ્લો :

માહિતી દર્શકની વિગતો :

૧. માહિતી દર્શકનું નામ :

૨. આદિવાસી / બિનઆદિવાસી :

૩. વય :

૪. શિક્ષણ :

૫. વ્યવસાય :

  ૧. મુખ્ય :

  ૨. ગૌણ :

૬. કોઇ રાજકીય પક્ષના સભ્ય છો ?

  ૧. જો હા તો કેટલા સમયથી.

૭. પંચાયતના સભ્ય છો ?  હા / ના

  ૧. જો હા તો ક્યારથી ?

  ૨. પંચાયતમાંનો હોદ્દો : સામાન્ય સભ્ય / સરપંચ / ઉપસરપંચ

૮. અન્ય જાણવા જેવી વિગતો.

બીજી કોઇ સંસ્થા અથવા સહકારી મંડળીના સભ્ય હો યા શહેર સાથેનો સવિશેષ સંપર્ક હોય તો તેની નોંધ કરવી.

ચૂંટણી અંગેની જાણકારી :

૧. ભારતમાં કેટકેટલા વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાય છે, એનો તમને કંઇ ખ્યાલ છે ?

હા / ના / ખબર નથી

૨. જો હા તો ભારતમાં આ ચૂંટણી પહેલાંની સામાન્ય ચૂંટણી ક્યારે યોજાઇ હતી તે તમે જાણો છો ?

૧. બે વર્ષ પહેલાં
૨. ત્રણ વર્ષ પહેલાં
૩. ચાર વર્ષ પહેલાં
૪. પાંચ વર્ષ પહેલાં
૫. છ વર્ષ પહેલાં
૬. ખબર નથી

૩. તાજેતરમાં થયેલી ચૂંટણી, પહેલાંની ચૂંટણીમાં તમે મત આપ્યો હતો ?

હા / ના / યાદ નથી

૪. જો તમે મત ન આપ્યો હોય તો તેનાં કારણો જણાવો.

૧. ઉંમર નહોતી થઇ
૨. મત આપવાની ઇચ્છા નહોતી
૩. કોઇએ મને મત આપવાનું કહ્યું નહોતું કે મળ્યું જ નહોતું.
૪. યોગ્ય ઉમેદવારના અભાવે
૫. ચૂંટણી અંગે મને કશો ખ્યાલ નહોતો.
૬. અન્ય (વિગતો જણાવો)

૫. નીચેનામાંથી કોને મત આપવાનો અધિકાર છે ?

૧. સ્ત્રી / પુરુષ / બંને
૨. ભણેલા / અભણ / બંને
૩. હિંદુ / મુસલમાન / પારસી / બધાને જ
૪. પૈસાદાર / ગરીબ / બધાને



૬. કેટલા વર્ષની વયે કોઇપણ મતદારને મત આપવાનો (વોટ આપવાનો) અધિકાર મળે છે ?

૧. ૩૦ વરસે
૨. ૨૫ વરસે
૩. ૨૧ વરસે
૪. ૧૮ વરસે
૫. ખ્યાલ નથી

૭. તમારા મત પ્રમાણે ચૂંટણી શા માટે કરવામાં આવે છે ?

૧. નવા કાયદા-કાનૂન બનાવવા માટે
૨. નવી સરકાર રચવા માટે
૩. ઉમેદવારો વચ્ચે સત્તાની સાઠમારી
૪. વિવિધ પક્ષો તેમનું પ્રભુત્વ જમાવવા માટે જંગ ખેલે છે.
૫. લોકશાહીમાં જનતાને પોતાની પસંદગીની સરકાર રચવા દેવા માટેની આ એક પદ્ધતિ છે.
૬. રાજા બનવા માટે - રાજ કરવા માટે.
૭. એમાં અમને શું ખબર ?
૮. અન્ય (વિગતો દર્શાવો )

ઉમેદવારો અંગેની જાણકારી :

૧. તમારા મતદાર વિભાગમાંથી કેટલા ઉમેદવારો ચૂંટણી લડયા ?

૧. ધારાસભા માટે

૨. લોકસભા માટે

૨. તમારા મતદાર વિભાગમાંથી ચૂંટણી લડેલા ઉમેદવારોનાં નામ અને અન્ય માહિતી આપો.

| ક્રમ | નામ | ધારાસભા કે લોકસભા માટે | પક્ષ | ચૂંટણીનું નિશાન |
|---|---|---|---|---|

૩. ઉપલા ઉમેદવારોમાંથી કેટલા ઉમેદવારોથી તમે સૌથી વધુ પરિચિત છો ?

માત્ર એક / ફક્ત બે / માત્ર ત્રણ જ / માત્ર ચાર જ / માત્ર પાંચ જ / એક પણ નહીં



જન સંપર્ક પધ્ધતિ :

૧. તમે કોઇ ચૂંટણીની પ્રચારસભામાં ગયા છો ?

હા / ના / આવી કોઇ સભા મળી નથી.

૨. જો તમે કોઇ સભા કે સભાઓમાં ગયા હો તો નીચેની વિગતો આપો.

| ક્રમ | તારીખ અથવા માસ | જે ઉમેદવારની સભા હોય તેનું નામ | વકતાઓ | પક્ષ |
|---|---|---|---|---|

૩. તમારો મત મેળવવા માટે કોઇ ઉમેદવાર તમને વ્યકિતગત રીતે મળવા આવ્યા હતા ?

હા / ના

જો હા તો

ક્રમ ઉમેદવારનું નામ

૪. તમને કોઇ પ્રચાર પત્રિકા કે અન્ય સાહિત્ય કોઇ ઉમેદવાર પાસેથી મળ્યું હતું ?

હા / ના

જો હા હોય તો કયા ઉમેદવારનું :

એક જ / બે / ત્રણ / ચાર / પાંચ / એક પણ નહીં

## મત નિર્ણય :

૧. મતદાન અંગેનો નિર્ણય લેવામાં તમને કોણ મદદરૂપ થયું ?

૧. જાતે જ

૨. મિત્રો

૩. કુટુંબીઓ

૪. ગ્રામજનો

૫. અધિકારીઓ

૬. જ્ઞાતિઓ

૭. સામાજિક કાર્યકરો

૨. તમે મતદાન કરવા ગયા ત્યારે તમને બે કાર્ડ મળ્યાં હતાં. એક ગુલાબી હતું અને બીજું સફેદ. આમાંથી ગુલાબી કાર્ડ કોને માટે હતું તેની ખબર છે ?

હા / ના

જો હા તો

લોકસભા માટે

ધારાસભા માટે

સફેદ કાર્ડ કોને માટે હતું તેની ખબર છે ?

હા / ના

જો હા તો

લોકસભા માટે

ધારાસભા માટે

૩. આ વખતની ચૂંટણીમાં તમે મત ન આપ્યો હોય તો કારણો દર્શાવો.

૧. ખબર નહોતી

૨. સમય નહોતો

૩. કામ-ધંધાને લીધે

૪. કોઇએ મત આપવાનું કહયું નહોતું

૫. અન્ય (વિગતો દર્શાવો)



## રાજકીય બાબતો અંગેનો સામાન્ય ખ્યાલ :

૧. તમારા મત પ્રમાણે ત્રણ મહત્વના આગેવાનોનાં નામ આપો.

| તાલુકાના | ગુજરાતના | ભારતના |
|---|---|---|
| ૧. | ૧. | ૧. |
| ૨. | ૨. | ૨. |
| ૩. | ૨. | ૩. |

૨. તમારા મત પ્રમાણે મુખ્ય પક્ષોનાં નામ આપો.

| તમારા જિલ્લાના | ગુજરાતના | ભારતના |
|---|---|---|
| ૧. | ૧. | ૧. |
| ૨. | ૨. | ૨. |
| ૩. | ૩. | ૩. |
| ૪. | ૪. | ૪. |
| ૫. | ૫. | ૫. |

૩. નીચેની સંસ્થાઓથી તમે પરિચિત છો ? તેઓ કેવું કામ કરે છે ?

| ક્રમ | સંસ્થાનું નામ | | સારૂ કામ કરે છે | નથી કરતી | વ્યર્થ | કંઇ કહી શકાય તેમ નથી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ | હા / ના | | | | |
| ૨. | રાનીપરજ સેવા સભા (વેડછી આશ્રમ) | હા / ના | | | | |
| ૩. | સર્વોદય યોજના | હા / ના | | | | |
| ૪. | રાઇફલ તાલીમ કે ગ્રામ રક્ષક દળ | હા / ના | | | | |

૪.(અ)તાજેતરના વર્ષોમાં ભારતને લડવી પડેલી લડાઇ અંગે તમે કંઇ સાંભળ્યું છે ?

હા / ના

જો હા તો કોની સાથે ? ક્યારે ?

આ લડાઇના કારણોનો જો તમને ખ્યાલ હોય તો તે આપો.

૧.

૨.

૩.

૪.

(બ) કેટલાક ધર્મગુરુઓએ તાજેતરમાં કરેલા ઉપવાસ અંગે તમે કંઇ જાણો છો ?

હા / ના

જો હા તો, આ ઉપવાસ કોણે કોણે કર્યા હતા, તમનું નામ અને કારણો આપો.

| નામ | કારણો |
|---|---|
| ૧. | ૧. |
| ૨. | ૨. |
| ૩. | ૩. |
| ૪. | ૪. |
| ૫. | ૫. |

(ક) અત્યાર આપણા દેશમાં ક્યાં ક્યાં દુકાળ પડયો છે તેની તમને ખબર છે ?

હા / ના

જો હા તો ક્યાં ?



વિશેષ નોંધ : ( આ પ્રશ્નાવલિ ઉપરાંત આ વિષય પર મળેલી માહિતી )

---

સંશોધકનું નામ :

તારીખ :

સંશોધન અધિકારીની સહી :

ચકાસણી તારીખ :